


# ૪૩ મો વાર્ષિક
# અહેવાલ અને હિસાબો
## વર્ષ : ૨૦૧૭-૧૮

## સુરસાગર ડેરી
## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.



નવનિર્મિત સુરસાગર ભવનનું ઉદ્દ્ઘાટન કરતા મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબ સાથે સુરસાગર ડેરીના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, માજી મંત્રીશ્રી કિરીટસિંહ રાણા, પ્રદેશભાજપ ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજા, સુરેન્દ્રનગર ડી.કો.ઓપ. બેંકના ચેરમેનશ્રી હરદેવસિંહ પરમાર, સુરસાગર ડેરીના મેનેજીંગ ડીરેક્ટરશ્રી ગુરદિતસિંગ

## પેટા નિયમ સુધારા પરિશિષ્ટ-સુચિત

| પેટા કાયદા નંબર<br>૧ | ચાલુ<br>૨ | સુચિત સુધારો<br>૩ | સુધારા માટેના કારણો<br>૪ |
|---|---|---|---|
| ૧૧.૨.૨ | સંઘનું હિસાબી વર્ષ ૧ એપ્રિલથી ૩૧ માર્ચનું રહેશે. દર વર્ષે ૩૦ મી જુન સુધીમાં એટલે કે હિસાબી વર્ષ પુરા થયાના ત્રણ મહિનાની અંદર સાધારણ સભા બોલાવવામાં આવશે. આવી સભા વાર્ષિક સાધારણ સભા કહેવાશે. | સંઘનું હિસાબી વર્ષ ૧ એપ્રિલથી ૩૧ માર્ચનું રહેશે. દર વર્ષે ૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં એટલે કે હિસાબી વર્ષ પુરા થયાના છ મહિનાની અંદર સાધારણ સભા બોલાવવામાં આવશે. આવી સભા વાર્ષિક સાધારણ સભા કહેવાશે. | સહકારી કાયદા સાથે સુસંગતતા જાળવવા માટે |
| ૧૭.૨.૩ | ચુંટણીના વર્ષે વાર્ષિક સાધારણ સભા મળ્યા બાદની પ્રથમ નિયામક મંડળની સભામાં મંડળીમાંથી ચુંટાયેલા સભ્યો તેમનામાંથી જ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી કરશે. નિયુકત થયેલ સભ્યોને ચેરમેન / વાઈસ ચેરમેનની ચુંટણીમાં મત આપવાનો કે ઉભા રહેવાનો અધિકાર રહેશે નહી. ચેરમેન / વાઈસ ચેરમેનના હોદ્દાની મુદત ત્રણ વર્ષ અથવા બીજા ચેરમેન / વાઈસ ચેરમેનની ચુંટણી ન થાય ત્યા સુધીની રહેશે. નિયામક મંડળના તમામ સભ્યો તથા ચેરમેન / વાઈસ ચેરમેન માનદ રહેશે ને માનદ વેતન લેશે નહી. | ચુંટણી બાદ પ્રથમ નિયામક મંડળની સભામાં મંડળીમાંથી ચુંટાયેલા સભ્યો તેમનામાંથી જ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી કરશે. નિયુકત થયેલ સભ્યોને ચેરમેન / વાઈસ ચેરમેનની ચુંટણીમાં મત આપવાનો કે ઉમેદવારી કરવાનો અધિકાર રહેશે નહી. નવા ચુંટાયેલા ચેરમેન / વાઈસ ચેરમેનના હોદ્દાની મુદત ૨.૫ (અઢી) વર્ષની રહેશે. નિયામક મંડળના તમામ સભ્યો તથા ચેરમેન / વાઈસ ચેરમેન માનદ રહેશે ને માનદ વેતન લેશે નહી. | સહકારી કાયદા સાથે સુસંગતતા જાળવવા માટે |

**ગુરદિત સિંગ**
**મેનેજીંગ ડીરેક્ટર**

**સુરાભાઈ પી. રબારી**
**વાઈસ ચેરમેન**

**બાબાભાઈ એસ. ભરવાડ**
**ચેરમેન**



દૂધ દિવસ ઉજવણી અને સુરસાગર ભવનના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું દિપ પ્રાગટય કરતા મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબ



મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબનું મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરતા દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા વાઈસ ચેરમેન શ્રી સુરાભાઈ રબારી



સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રી ને ચેક અર્પણ કરતા પાંદરી દૂધ મંડળીના પ્રમુખ શ્રી નરેશભાઈ એન. ભરવાડ



પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે ધ્વજ વંદન કરતા સુરસાગર ડેરીના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા મેનેજીંગ ડીરેકટરશ્રી ગુરદિત સીંગ તથા કર્મચારી ગણ

રજી. નં. સદૂઉ-૨૦૦૧ તા. ૨૪-૩-૧૯૭૫

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ.

૨૪૯, જી.આઇ.ડી.સી., ફેઇઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫. જિ. સુરેન્દ્રનગર (ગુજરાત)
ફોન : (૦૨૭૫૨) ૨૪૩૮૬૩ ફેક્સ : ૨૪૩૭૬૫ ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૩૮૬૩
E-mail : admhead@sursagardairy.coop  Website : www.sursagardairy.com

# ૪૩ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી શ્રી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વઢવાણ સંયોજીત દૂધ મંડળી સભાસદો અને વ્યકિત સભાસદોને જણાવવાનું કે દૂધ સંઘની ૪૩ મી વાર્ષિક સાધારણ સભા **તા. ૨૦/૦૭/૨૦૧૮ ને શુક્રવાર ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે, લીંબડી સમસ્ત ભરવાડ જ્ઞાતિની વાડી, નદી કાંઠે, રાણપુર રોડ, લીંબડી** ખાતે રાખવામાં આવેલ છે તો સભાસદ મંડળીના ચેરમેનશ્રી તથા વ્યકિત સભાસદોને આ સભામાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

## :: કાર્યસૂચિ ::

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. સને ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન અંદાજ કરતા થયેલ વધુ ખર્ચને મંજુર કરી બહાલી આપવા બાબત.
૩. નિયામક મંડળે મંજૂર કરેલ તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન ખાતુ તેમજ સરવૈયું સ્વીકારવા બાબત.
૪. નિયામક મંડળે ભલામણ કરેલ સને : ૨૦૧૭-૧૮ ના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૫. સને ૨૦૧૭-૧૮ ના વર્ષના હિસાબ તપાસણીના ઓડીટ રિપોર્ટ તથા દુરસ્તી રિપોર્ટ બાબત.
૬. સને ૨૦૧૮-૧૯ ના વર્ષનું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.
૭. સંઘના પેટા નિયમોની મર્યાદામાં રહીને બહારનું કર્જ લેવાની મર્યાદા નક્કી કરવા બાબત.
૮. પેટા નિયમ સુધારા ને બહાલી આપવા તથા પેટા નિયમ સુધારા બાબત.
૯. ગુજરાત રાજ્ય બહાર દૂધના પેકીંગ અને વેચાણ બાબત.
૧૦. આંતરીક અને સહકારી મંડળીના કાયદા અનુસાર કાયદાકીય ઓડીટરશ્રીની નિમણુંક કરવી તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.
૧૧. પ્લાન્ટ બાબત.
૧૨. પ્રમુખશ્રી અથવા તેમની મંજુરીથી બીજુ જે કંઈ રજુ કરવામાં આવે તે.

મુ. : સુરેન્દ્રનગર
તા. : ૦૬/૦૭/૨૦૧૮

**(ગુરદિતસિંગ પ્યારાસિંગ)**
મેનેજીંગ ડીરેકટર
નિયામક મંડળના આદેશથી

નોંધ :

૧. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ દિવસે અડધા કલાક બાદ હાજર રહેલ સભ્યોનું કોરમ ગણી સભાની કાર્યસૂચિના કામોનો નિકાલ કરશે, જે કાયદેસર ગણાશે. જે સભ્યશ્રીઓને માન્ય રહેશે.

૨. આ સભામાં મંડળીના પ્રતિનિધિ તરીકે ફક્ત મંડળીના ચેરમેનશ્રી જ હાજરી આપી શકશે અને હાજરી આપવા અંગેનો ઠરાવ નમૂના મુજબ તા. ૧૬/૦૭/૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે સંઘની ઓફિસે ફરજિયાત મોકલી આપવાનો રહેશે.

૩. હિસાબો અંગે સભાસદોને જો કોઈ માહિતી જોઈતી હોય તો તેમણે તા. ૧૧/૦૭/૨૦૧૮ પહેલા લેખિત ખબર આપી રૂબરૂ સમજી જવા વિનંતી છે.

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ – ૩૬૩ ૦૩૫.

## નિયામક મંડળ : ૨૦૧૭-૧૮



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
અધ્યક્ષશ્રી

પ્રમુખ- લીંબડી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. લીંબડી તા. લીંબડી



**શ્રી સુરાભાઈ પી. રબારી**
ઉપાધ્યક્ષશ્રી

સરકારી પ્રતિનિધિ



**શ્રી ગેલાભાઈ સી. ભરવાડ**
સભ્યશ્રી

પ્રમુખ- વડલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. વડલા તા. લખતર



**શ્રી મંગળસિંહ આર. પરમાર**
સભ્યશ્રી

પ્રમુખ- શિવશકિત દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ટીકર (પર) તા. મુળી



**શ્રી ધીરૂભાઈ એમ. દેગામા**
ડીરેકટરશ્રી

સરકારી પ્રતિનિધિ



**શ્રી રૂપાભાઈ એન. ભરવાડ**
સભ્યશ્રી

પ્રમુખ- પાનવા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. પાનવા તા. દસાડા



**શ્રીમતિ જનકબેન એ. જાદવ**
સભ્યશ્રી

પ્રમુખ- બલાળા(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બલાળા તા. ચુડા



**શ્રી નરેન્દ્રસિંહ ડી. રાણા**
સભ્યશ્રી

પ્રમુખ- કૃષ્ણ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. રાયસંગપર તા. હળવદ



**શ્રીમતિ રજુબેન એલ. નાંગહ**
સભ્યશ્રી

પ્રમુખ- ચોબારી(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ચોબારી તા. ચોટીલા



**શ્રી નરેશભાઈ જે. મારૂ**
સભ્યશ્રી

પ્રમુખ- મોજીદડ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મોજીદડ તા. ચુડા



**શ્રી પ્રભુભાઈ યુ. પટેલ**
સભ્યશ્રી

વ્યકિત સભ્ય

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ – ૩૬૩ ૦૩૫.

## નિયામક મંડળ : ૨૦૧૭-૧૮



**શ્રી રામજીભાઈ પી. મેવાડા**
સભ્યશ્રી

પ્રમુખ- સાંગાણી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. સાંગાણી  તા. ચોટીલા



**શ્રી સુરેશભાઈ એસ. રબારી**
ડીરેક્ટરશ્રી

સરકારી પ્રતિનિધિ



**શ્રી સગરામભાઈ બી. ભરવાડ**
સભ્યશ્રી

પ્રમુખ- ગોપાલકપરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ધ્રાંગધ્રા  તા. ધ્રાંગધ્રા



**શ્રી આર એ. મકવાણા**
જિલ્લા રજીસ્ટ્રાર(સ.મ.)
સભ્યશ્રી
પ્રતિનિધિ-રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગુ.રા)
ગાંધીનગર



**શ્રી ગભરૂભાઈ જે. કલોત્રા**
સભ્યશ્રી

પ્રમુખ- જુના સુદામડા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. જુના સુદામડા  તા. સાયલા



**શ્રી ધીરજકુમાર જે. ચૌધરી**
સભ્યશ્રી

પ્રતિનિધિ-ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડ. લી.
આણંદ



**શ્રી સીંધાભાઈ સી. ગોહિલ**
સભ્યશ્રી

પ્રમુખ- વઢવાણ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. વઢવાણ  તા. વઢવાણ



**શ્રી ગુરદિત સિંગ**
મેનેજીંગ ડીરેક્ટર

સુરસાગર ડેરી
મુ. વઢવાણ  તા. વઢવાણ



**શ્રી વાઘાભાઈ જી. કુમખાણીયા**
સભ્યશ્રી

પ્રમુખ- મનડાસર દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મનડાસર  તા. થાન

### :: ઓડીટર્સ ::

**એન.સી. બરછા એન્ડ કાું.**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટયુટરી ઓડીટર
એન.સી. બરછા
(પેનલ નં. ૪૭૫)

**શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)**
મિલ્ક ઓડીટ ઓફીસ,
સુરેન્દ્રનગર

### બેંકર્સ

૧) બેંક ઓફ બરોડા - સુરેન્દ્રનગર
૨) એચ.ડી.એફ.સી. બેંક - સુરેન્દ્રનગર
૩) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા - સુરેન્દ્રનગર
૪) આઈસીઆઈસીઆઈ બેંક - સુરેન્દ્રનગર
૫) સુરેન્દ્રનગર ડી.કો-ઓપ. બેંક લી. - સુરેન્દ્રનગર
૬) યુનિયન બેંક ઓફ ઈન્ડિયા - સુરેન્દ્રનગર
૭) દેના બેંક - સુરેન્દ્રનગર
૮) સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક - સુરેન્દ્રનગર
૯) રાજકોટ નાગરીક બેંક - સુરેન્દ્રનગર



દૂધ દિવસ ઉજવણી કાર્યક્રમ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબનુ સન્માન કરતા
દૂધ સંઘના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, વાઈસ ચેરમેનશ્રી સુરાભાઈ રબારી સાથે ગુજરાત પ્રદેશ ભાજપ
ઉપાધ્યક્ષશ્રી આઈ.કે.જાડેજા સાહેબ તથા સુરેન્દ્રનગર ડી.કો.ઓપરેટીવ બેંકના ચેરમેનશ્રી હરદેવસિંહ પરમાર.




દૂધ સંઘની પ્રગતિ દર્શક માહિતીથી મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબને માહિતગાર કરતા
સુરસાગર ડેરી ના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ.

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ – ૩૬૩ ૦૩૫.



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**

**અધ્યક્ષશ્રી**

**સભાસદ દૂધ મંડળીઓના પ્રમુખશ્રી ભાઈઓ, બહેનો તેમજ આમંત્રિત સહકારી મિત્રો.**

**આપણા દૂધ સંઘની ૪૩ મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેનું હાર્દિક સ્વાગત કરૂ છું.**

આપણા સૌની કામધેનુ સમાન અને ઝાલાવાડની દૂધ ગંગા એવી "સુરસાગર ડેરી" ની ૪૩ મી વાર્ષિક સાધારણ સભામાં ઓડીટરશ્રીએ પ્રમાણિત કરેલા અને નિયામક મંડળના સભ્યોની અનુમતિથી દૂધ સંઘના ૩૧ મી માર્ચ ૨૦૧૮ ના રોજ પુરા થયેલા વર્ષ : ૨૦૧૭–૨૦૧૮ ના હિસાબો, અહેવાલ અને સંઘના કામકાજ અને ગતિવિધિઓનું સંક્ષિપ્ત વૃતાંશ રજુ કરતા હર્ષ ની લાગણી અનુભવુ છું.

આપણા દૂધ સંઘના ચેરમેન તરીકે મારી ત્રીજી વખત વરણી કરી જે જવાબદારી સોંપેલ છે તેને પરિપૂર્ણ કરવાનો અને સુરસાગર ડેરીને આગવી ઉંચાઈ સુધી લઈ જઈને વિકાસના ફળ છેવાડાના ગામડાના વિકાસથી વંચિત નાનામાં નાના પશુપાલક – દૂધ ઉત્પાદક સુધી પહોંચાડવાનો દ્રઢ નિર્ધાર પણ આ તકે વ્યકત કરૂ છું.

આપ સૌ સારી રીતે વાકેફ છો જ કે આપણા જિલ્લા ના સુકા – અર્ધસુકા વિસ્તારમાં પશુપાલકો ના જીવનમાં ઘણો સુધારો આવ્યો છે. તેમનો આર્થિક, સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ થયો છે. જિલ્લામાં આર્થિક અને સામાજીક પરિવર્તન લાવી સુરસાગર ડેરીએ ઝાલાવાડની કામધેનુ સમાન "દૂધ ગંગા" તરીકેની જે નામના કેળવી છે તેને વધુ ઉંચાઈએ લઈ જવા અને ઉજજવળ બનાવવા ભગીરથ કાર્યમાં આપ સૌનો સાથ સહકાર મળ્યો છે અને મળતો રહેશે તેવી આશા રાખુ છું. આજે માલધારીઓના સ્થળાંતર અટકયા છે અને તેમના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યુ છે. રણકાંઠાના માલધારીઓને અગરના કામમાંથી મુકિત મળી છે. નળકાંઠાની પઢાર જાતિના લોકો પશુપાલન કરતા થયા છે અને આ પ્રવૃતિ થકી વધુ આવક મેળવવા પ્રયત્નશીલ બન્યા છે. આજે આપણો પશુપાલક – દૂધ ઉત્પાદક ઓશીયાળુ નહી પરંતુ સ્વમાનભેર જીવન જીવી રહયો છે જે આપણા માટે આનંદ અને ગર્વની બાબત છે. આ વિકાસને કામધેનુ સમાન દૂધ ગંગા થકી હજુ વધારે પ્રાધાન્ય આપીને આગળ વધવાનો દ્રઢ સંકલ્પ કરીએ.

આપણા માટે ખુશીની વાત એ છે કે આપણો પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટ કાર્યરત થઈ ગયો છે અને હાલ દૈનિક ૧.૨૦ લાખ લીટર દૂધ અને ૪૦ હજાર લીટર છાશનું પેકીંગ ચાલુ છે. જિલ્લામાં જ ઉત્પન્ન થયેલ દૂધ જિલ્લાના લોકોને મળતુ થઈ ગયુ છે. નજીકના ટુંક સમયમાં દહીં, ઘી અને પનીર જેવી બનાવટો બનાવવાનું આયોજન છે. આ બધા વિકાસમાં આપણને બે પશ્નો સતત મુંઝવી રહયા છે એક છે દૂધની ગુણવત્તા અને બીજો છે સંપાદન થતા દૂધની નિકાસ. આ માટે દૂધ ઉત્પાદકો દ્વારા સ્વચ્છ અને ગુણવત્તા યુકત દૂધ ઉત્પાદન થાય તેવા ખાસ પ્રયત્નો કરવા પડશે. સાથે સાથે દૂધ મંડળીના હોદેદારો અને કર્મચારીઓએ કોઈપણ જાતની શેહશરમ કે લાગણીમાં ખેંચાયા વગર દૂધની ગુણવત્તા જાળવવી પડશે. તેમજ વધુ તકેદારી રાખવી પડશે. જે દૂધ મંડળીઓ ઉપર બલ્ક મિલ્ક કૂલરો સ્થાપવામાં આવેલ છે તે દૂધ મંડળીઓના સંચાલકો ઉપર વિશ્વાસ મુકી દૂધ સંઘની કામગીરીના ભાગીદાર બનાવી જવાબદારી સોંપેલ છે તેને વફાદારીપૂર્વક નિભાવી પુરેપુરૂ જતન થાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

હિસાબના વર્ષ દરમ્યાન એક દિવસનું મહતમ ૭.૨૪ લાખ કિલો દૂધનું સંપાદન થયેલ છે ત્યારે અમૂલ ફેડ. ડેરી – ગાંધીનગરની કેપેસીટીના અભાવે દૂધના નિકાલમાં મુશ્કેલી સર્જાયેલ. પરંતુ જી.સી.એમ.એમ.એફ.લી. સાથે ચર્ચા–વિચારણા કરી જિલ્લાના દૂધ ઉત્પાદકોને

મુશ્કેલી ન પડે તેવા સતત પ્રયત્નો કરવામાં આવેલ. ચાલુ સાલે દૂધ સંપાદન ૧૫ થી ૨૦ ટકાનો વધારો થશે ત્યારે આ મુશ્કેલીનું પુનરાર્વતન ન થાય તે માટે રાજય બહાર મહારાષ્ટ્ર રાજયમાં દૂધના વેચાણ માટે દૂધ ઉત્પાદકોના આર્થિક હિતને સાથે રાખી પ્રયત્નો આરંભેલ. જેના ફળ સ્વરૂપ આપણને મહારાષ્ટ્ર રાજયમાં દૂધના વેચાણ માટે મંજૂરી મળેલ છે જે આપણુ અહોભાગ્ય છે. આ રીતે સૌરાષ્ટ્ર ક્ષેત્રે રાજય બહાર દૂધના વેચાણની પહેલ કરતો આપણો દૂધ સંઘ પ્રથમ છે. જે આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે.

આપ સૌ જાણો છો કે જિલ્લાના કેટલાંક વિસ્તારોમાં અતિવૃષ્ટિ થવા છતાં જળાશયો અને નદીઓ પાણી વિહોણી છે. આપણા પશુપાલન વ્યવસાયમાં પાણીએ મહત્વનું અંગ છે. ગુજરાત સરકારશ્રી દ્વારા શરૂ કરાયેલ સુજલામ – સુફલામ જળ સંચય અભિયાન થકી જે પાણીનો સંગ્રહ થશે એનાથી આવનારા દિવસોમાં પશુપાલકોને પશુપાલનમાં ખુબ જ મોટો ફાયદો થવાનો છે. પશુઓને ઘાસચારો અને પીવાનું પાણી પુરતા પ્રમાણમાં મળવાથી દૂધ ઉત્પાદનમાં ખુબ જ મોટો વધારો જોવા મળશે. જળ સંચયના ભગીરથ કાર્યને પોતાનું સમજી જે સહયોગ આપી ઝાલાવાડને ગૌરવ અપાવવા બદલ તમામ દૂધ મંડળીઓનો આભાર માનુ છું.

દૂધ ઉત્પાદકોના વિકાસની નેમ સાથે દૂધ સંઘની વિવિધ યોજનાઓનો લાભ તેમને મળે તે માટે પ્રયત્ન કરવા તેમજ દૂધ ઉત્પાદકોને દૂધના નાણાંની ચુકવણી બેંક મારફતે કરવા તમામ દૂધ મંડળીઓને અનુરોધ કરૂ છું.

## અહેવાલ અને પ્રગતિસાર :

અહેવાલના વર્ષ દરમ્યાન દૂધ સંપાદન, દૂધ અને દૂધની બનાવટોના ઉત્પાદન તથા વેચાણ, પશુપાલનના વ્યવસાયને વધુ નફાકારક બનાવવા તકનિકી સેવાઓ અને માર્ગદર્શન, પશુપોષણ, સભાસદ જાગૃતિ તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓનું અસરકારક અમલીકરણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જેના પરિણામ સ્વરૂપે આપણા પશુપાલકો પશુપાલન વ્યવસાયને સ્વતંત્ર રીતે સ્વીકારી આગળ વધી રહયા છે. આપણે સૌ સહકારિતાની ભાવનાથી આગળ વધતા રહીશુ તો કયારેય કોઈ આપણને મહાત કરી શકશે નહી. પશુપાલકોના વિકાસમાં ખુબ જ મહત્વના એવા તમામ ક્ષેત્રોનો પ્રગતિ અહેવાલ તથા ભાવિ આયોજનની રૂપરેખા આપ સૌની સમક્ષ રજુ કરૂ છું.

## સભાસદ :

હિસાબી વર્ષના અંતે સંઘ સંયોજીત થયેલ પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાની સંખ્યા ૭૩૭ છે. વ્યકિત સભ્યોની સંખ્યા ૩ છે.

## નિયામક મંડળ :

સંઘના નિયામક મંડળના સભ્ય પદે હાલ ૧૧ તાલુકાના સભ્યોની અવધિ તા. ૨૯/૦૯/૨૦૧૪ થી પાંચ વર્ષ માટેની છે. તેમજ તા. ૧૫/૦૧/૨૦૧૮ ના રોજ સહકારી કાયદાની જોગવાઈ અનુસાર બાકી રહેતા સમય માટે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી કરવામાં આવેલ છે. જેમાં મારી ચેરમેન તરીકે અને શ્રી સુરાભાઈ પી. રબારીની વાઈસ ચેરમેન તરીકે બાકી રહેતા સમય માટે બિન હરીફ વરણી થયેલ છે.

## વ્યાપાર અને નાણાંકીય સ્થિતિ :

દૂધ સંઘનો કુલ વેપારી ઉથલો (ટર્ન ઓવર) રૂા. ૮૯૨ કરોડ નોંધાયેલ છે. જે આગલા વર્ષ કરતા ૮.૯૧ ટકા એટલે કે રૂા. ૭૩ કરોડ વધુ છે. રૂા. ૨૯૧ લાખ ઘસારો અને રૂા. ૯૧૪ લાખ સોસાયટી રીટેન્સન મની પેએબલની જોગવાઈ બાદ કરતા વર્ષ : ૨૦૧૭–૧૮ ના હિસાબી વર્ષના અંતે રૂા. ૨૬૮ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. નિયામક મંડળે સહકારી કાયદાની જોગવાઈની મર્યાદામાં રહી ૧૫ ટકા ડિવિડન્ડ આપવાનું નકકી કરેલ છે. આ રીતે દૂધ સંઘ દર વર્ષે નફો કરતી તેમજ ડીવીડન્ડ ચુકવતી જિલ્લાની ટોંચની સહકારી સંસ્થા છે.

## અન્વેષણ :

સતત અને સમવાયી ઓડીટ યોજના હેઠળ દૂધ સંઘ અને દૂધ સહકારી મંડળીઓના ઓડીટની કામગીરી રાજય સરકારે સ્થાપેલા ઓડીટ બોર્ડ દ્વારા કાર્યરત છે. દૂધ સંઘનું નાણાંકીય ઓડીટ એન.સી. બરછા એન્ડ કાું. દ્વારા કરવામાં આવે છે.

## દૂધ સહકારી મંડળીઓ, દૂધ સંપાદન અને દૂધના ખરીદ ભાવ.

હિસાબી વર્ષ દરમ્યાન ૮૦૧ દૂધ સહકારી મંડળીઓએ દૂધ સંપાદન કરી દૂધ સંઘને દૂધ પૂરૂ પાડેલ છે. વર્ષના અંતે ૭૮૮ દૂધ સહકારી મંડળીઓ (૭૩૫ રજીસ્ટર+૫૩ સૂચિત) કાર્યરત છે.

પશુપાલનના વ્યવસાયને મહિલાઓ દ્વારા વધુ સફળતા મળતી હોય છે. વધુ દૂધ ઉત્પાદન માટે પુરૂષો કરતા મહિલાઓ વધુ ફરજો નિભાવતી હોય છે. તેથી સહકારી ડેરી પ્રવૃતિમાં મહિલાઓની ભાગીદારી વધે તેવા હેતુ નીચે દૂધ સંઘ દ્વારા મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીઓની રચના

કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા પણ મહિલાઓને પ્રોત્સાહિત કરવા વધુ લાભ આપવામાં આવે છે. હિસાબી વર્ષ ના અંતે ૧૮૪ મહિલા સંચાલિત દૂધ સહકારી મંડળીઓની રચના થયેલ છે. દૂધ મંડળીઓ સાથે ૨૮૦૦૪ મહિલા સભાસદો જોડાયેલ છે.







## દૂધ સંપાદન :

દૂધ ઉત્પાદકોની આવક વધારવાનો અને તેમને આર્થિક રીતે વધુ સધ્ધર બનાવવાનો મુખ્ય સ્ત્રોત દૂધ ઉત્પાદક કક્ષાએ વધુ દૂધ ઉત્પાદન થવુ જરૂરી છે. આ માટે દૂધ સંઘ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ પ્રયત્નો કરવામાં આવે છે. પરિણામ સ્વરૂપ દૂધ સંપાદનમાં સતત વધારો થતો જોવા મળે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૨૦૬૧ લાખ કિલો દૂધનું સંપાદન થયેલ છે. (જે વર્ષ ૨૦૧૬–૧૭ માં ૧૯૩૯ લાખ કિલો હતુ) જે દૈનિક સરેરાશ ૫.૬૫ લાખ કિલો થાય છે. (ગત વર્ષ સરેરાશ ૫.૩૧ લાખ કિલો હતુ) આમ ગયા વર્ષની સરખામણીએ દૂધ સંપાદનમાં ૬.૩૨ ટકાનો વધારો થવા પામેલ છે. એક દિવસનું મહતમ ૭.૨૪ લાખ કિલો દૂધનું સંપાદન થયેલ છે. સંપાદન થયેલ કુલ દૂધમાં ભેંસનું ૬૩ ટકા અને ગાયનું દૂધ ૩૭ ટકા છે. ખાટા દૂધનું પ્રમાણ ફકત ૦.૦૩ ટકા છે.







## દૂધના ખરીદ ભાવ :

આજે જિલ્લાના પશુપાલકોએ પશુપાલનને સ્વતંત્ર વ્યવસાય તરીકે સ્વીકારેલ છે. જેના પરિણામ સ્વરૂપ સુરસાગર ડેરીમાં દૂધનું સંપાદન સતત વધતુ રહયુ છે. જે સુરસાગર ડેરી પ્રત્યેના જિલ્લાના દૂધ ઉત્પાદકોના વધતા જતા વિશ્વાસનું પરિણામ છે. પરંતુ વધતી જતી મોંઘવારીને પગલે ઘાસચારો અને ખાણદાણના ભાવો વધતા જાય છે. વધુમાં દૂધ અને દૂધની બનાવટોનું બજાર સ્થિર રહયુ છે. તેમ છતા પણ જિલ્લાના દૂધ ઉત્પાદકોને દૂધના પોષણક્ષમ ભાવ આપવાના પ્રયત્નો કરવામાં આવે છે. હિસાબના વર્ષ દરમ્યાન એક કિલો ફેટનો સરેરાશ ભાવ રૂા. ૬૭૫/– ચુકવવામાં આવેલ છે. જે ગયા વર્ષે એક કિલો ફેટના સરેરાશ ભાવ રૂા. ૬૫૨/– ચુકવેલ હતા. આ રીતે પ્રતિ કિલો ફેટે રૂા.૨૩/– ના વધારા સાથે ૩.૫૩ ટકા ભાવ વધારે ચુકવેલ છે.









હિસાબના વર્ષ દરમ્યાન દૂધ ઉત્પાદકોને પ્રતિકિલો દૂધનો ભાવ રૂા. ૪૨–૪૬ પૈસા ચુકવાયેલ છે જે ગયા વર્ષે પ્રતિ કિલોના રૂા. ૪૧–૦૨ પૈસા ચુકવાયેલ હતા.

## રાખેલ દૂધ ભાવ :

જીલ્લાના દૂધ ઉત્પાદકો ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં કામચલાઉ ભાવે દૂધનું વેચાણ કરતા હોય છે. વર્ષ આખરે આ દૂધ ઉત્પાદકોને વર્ષ દરમ્યાન વેચેલ દૂધની કિંમતના પ્રમાણમાં રાખેલ દૂધ ભાવ ચુકવવામાં આવે છે. જેથી દૂધ ઉત્પાદકોની જરૂરીયાતના સમયે આર્થિક મદદ મળે છે. તેમજ બચત પણ થાય છે. હિસાબના વર્ષ દરમ્યાન પ્રતિ કિલો ફેટે રૂા. ૬૩.૧૭ મુજબ રૂા. ૮૦.૦૧ કરોડ રાખેલ દૂધ ભાવ ચુકવવામાં આવેલ છે જે ગયા વર્ષની સરખામણીએ ૧૪ ટકા વધુ છે.




**વર્ષ વાઇઝ ખર્ચાઓની વિગતવાર માહિતી પ્રતિ કિલો રૂપિયામાં**

| વર્ષ | પરિવહન ખર્ચ | પગાર ખર્ચ | ચિલીંગ ખર્ચ | અન્ય ખર્ચ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૦.૭૮ | ૦.૩૪ | ૦.૩૯ | ૦.૭૨ | ૨.૨૩ |
| ૨૦૧૬–૧૭ | ૦.૬૧ | ૦.૨૮ | ૦.૨૪ | ૦.૫૨ | ૧.૬૫ |
| ૨૦૧૫–૧૬ | ૦.૩૫ | ૦.૨૪ | ૦.૨૪ | ૦.૪૩ | ૧.૨૬ |
| ૨૦૧૪–૧૫ | ૦.૩૭ | ૦.૧૯ | ૦.૨૨ | ૦.૪૭ | ૧.૨૫ |
| ૨૦૧૩–૧૪ | ૦.૩૭ | ૦.૨૯ | ૦.૨૧ | ૦.૫૭ | ૧.૪૫ |

પરિવહન ખર્ચ | પગાર ખર્ચ | ચિલીંગ ખર્ચ | અન્ય ખર્ચ

## મુખ્ય ખર્ચાઓ :

વર્ષ ૨૦૧૭–૧૮ માં દૂધ સંઘનું સમગ્ર ખર્ચ પ્રતિ કિલો દીઠ રૂા. ૨.૨૩ પૈસા છે. ઓછો ખર્ચ થાય અને પશુપાલકોને વધુ વળતર મળે તેવા ખાસ પ્રયત્નો અને તકેદારી રાખવામાં આવે છે.

## માર્કેટીંગ / સેલ્સ (વેચાણ) :

આપણા દુધ સંઘમાં સંપાદન થતુ દૂધ જી.સી.એમ.એમ.એફ.લી. સંચાલિત અમૂલ ફેડ – ડેરી ગાંધીનગરને વેચાણ કરવામાં આવે છે. આપણો દૂધ પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટ કાર્યરત થતા તા. ૧૧/૦૭/૨૦૧૭ થી દૂધનું પેકીંગ શરૂ કરવામાં આવેલ છે અને તા.૨૭/૦૩/૨૦૧૮ થી છાશનું પેકીંગ શરૂ કરવામાં આવેલ છે. હિસાબી વર્ષના અંતે ૨૨૩.૪૧ લાખ લીટર દૂધ અને ૩૫૦૭૬ લીટર છાશનું વેચાણ કરવામાં આવેલ. બાકીનું ૧૮૪૮ લાખ કિલો દુધનું અમૂલ ફેડ ડેરી ગાંધીનગરને વેચાણ કરેલ છે. જે ગત વર્ષે ૧૯૪૬ લાખ કિલો હતુ.

## દુધ પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટ :

આપણી આતુરતાનો અંત આવેલ છે. આપણે જેની રાહ જોતા હતા તે આપણો દુધ પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટ સફળતાપૂર્વક કાર્યરત થઈ ગયો છે. જેનુ ઉદ્‌ઘાટન વડા પ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વરદ હસ્તે સંપન્ન થયેલ છે. હાલ દૈનિક ૧.૨૦ લાખ લીટર દૂધ અને ૪૦ હજાર લીટર છાશનું પેકીંગ થાય છે. પેકીંગ થતા દૂધ અને છાશનું વેચાણ અમૂલ બ્રાન્ડના નામે થાય છે. જિલ્લામાં જ ઉત્પન્ન થયેલ દૂધ જિલ્લાની પ્રજાને મળતુ થઈ ગયુ છે. જે દૂધ અમૂલ ફેડ ડેરી – ગાંધીનગર જતુ અને ત્યાંથી પેકીંગ થઈ પાછું સુરેન્દ્રનગર આવતુ તેથી ડબલ પરિવહન ખર્ચ થતુ હતું. આપણા પ્લાન્ટમાં પેકીંગ શરૂ થતાં પરિવહન ખર્ચમાં બચત થશે તેનો સીધો લાભ જિલ્લાના પશુપાલકોને મળવાનો છે. દિનપ્રતિદિન દૂધ સંપાદનમાં થઈ રહેલ વધારાને ધ્યાનમાં લઈ ભવિષ્યમાં દૈનિક ૧૦.૦૦ લાખ લીટર કેપેસીટી સુધીની ડેરી બનાવવાનું આયોજન વિચારણામાં છે.

## જિલ્લામાં સ્થાનિક દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ :

ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ખેડૂતો/પશુપાલકોની દૂધ અને દૂધની બનાવટોની જરૂરીયાત સંતોષી શકાય તે માટે દૂધ સંઘ દ્વારા અસરકારક માળખાની રચના કરવાના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. વધુ વસતી ધરાવતા ગામો હોય ત્યાંના લોકોની જરૂરીયાત સમજી આ ગામોમાં અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ, મસ્તી દહીં, શીખંડ, લસ્સી, છાશ તેમજ અન્ય બનાવટોના વેચાણની વ્યવસ્થા માટે પ્રયાસો હાથ ધરેલ છે. આવા ગામોમાં દૂધ મંડળીઓ કે અન્ય વિતરકો મારફતે વ્યવસ્થા ગોઠવવા કામગીરી આરંભેલ છે.

## રાજ્ય બહાર દૂધના વેચાણની વ્યવસ્થા :

હિસાબના વર્ષ દરમ્યાન દૂધની નિકાલમાં આપણને પડેલ મુશ્કેલીને જોતાં દૂધનું વેચાણ વધારવુ અનિવાર્ય બનેલ છે. આપણા દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં મોટા શહેરોની સંખ્યા મર્યાદિત હોવાથી રાજય બહાર મહારાષ્ટ્ર રાજયમાં દૂધના વેચાણ માટેના પ્રયત્નો હાથ ધરેલ. જેના ફળ સ્વરૂપે આપણને મહારાષ્ટ્ર રાજયમાં દૂધના વેચાણ માટે જી.સી.એમ.એમ.એફ.લી. દ્વારા મંજુરી મળેલ છે જે આપણું અહોભાગ્ય છે. હાલની પ્લાન્ટની કેપેસીટીમાં માળખાકીય વધારો કરવો પડે તેમ છે. જેથી દૂધ રાજય બહાર વેચી શકાય. આ રીતે સૌરાષ્ટ્ર ક્ષેત્રે રાજય બહાર દૂધના વેચાણની વ્યવસ્થા કરતો આપણો દૂધ સંઘ પ્રથમ હશે. જે આપ સૌના સાથ અને સહકારનું પરિણામ છે.

## અમુલ દાણ વેચાણ :

નફાકારક પશુપાલન માટે ખાણ–દાણ એ અગત્યની બાબત છે. બજારમાંથી મળતા ખાણ–દાણ ગુણવત્તાની દ્રષ્ટિએ હલકા અને ભાવની દ્રષ્ટિએ મોંઘા હોય છે. તેથી દૂધ ઉત્પાદકોને આર્થિક નુકશાન થાય છે. દૂધ મંડળીઓ સાથે જોડાયેલા દૂધ ઉત્પાદકોને વ્યાજબી ભાવે સમતોલ પશુ આહાર (દાણ) મળી રહે તે માટે અમૂલ ડેરી પાસેથી અમૂલ દાણ ખરીદ કરી દૂધ સહકારી મંડળીઓ મારફત દૂધ ઉત્પાદકોને પુરૂ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન ૨૫૨૫.૯૫ મે. ટન અમૂલ પાવર દાણ અને ૯૬.૩ મે. ટન બફેલો સ્પેશ્યલ દાણનું વેચાણ થયેલ છે. દૂધની ગુણવત્તા જાળવવા માટે પશુઓને અમૂલદાણ ખવડાવવું જરૂરી છે. તેથી બધા જ પશુપાલકો અમૂલદાણ ખવડાવવાનો આગ્રહ રાખે તે માટે ખાસ પ્રયત્નો કરવા હું દૂધ મંડળીઓના સંચાલકોને ખાસ ભલામણ કરૂ છું. આપણે પણ ટુંકા ભવિષ્યમાં પ્રતિદિન ૧૦૦ મે. ટન કેપેસીટીનો કેટલ ફીડ પ્લાન્ટ બનાવવાનું આયોજન વિચારી રહયા છીએ.

## પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન :

પશુપાલનના વ્યવસાયમાં પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન અગત્યના અંગો છે. પશુઓની યોગ્ય માવજતનો અભાવ અને વાતાવરણના ઝડપી ફેરફારોને કારણે પશુઓની રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થવાથી પશુઓમાં બિમારીનું પ્રમાણ વધતાં ચેપી રોગો થતા હોય છે. પશુપાલન ક્ષેત્રે આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિનો સમન્વય કરી વિવિધ યોજનાઓનો અમલ આપણે કરી રહયા છીએ. પશુ સારવારની અગત્યતાને ધ્યાનમાં લઈ આપણે જિલ્લાના તમામ તાલુકાઓમાં પશુ ચિકિત્સિકો દ્વારા સ્પેશ્યલ વિઝીટ મારફત બિમાર પશુઓની સારવાર પ્રવૃતિ શરૂ કરેલ છે. હિસાબના વર્ષ દરમ્યાન સ્પેશ્યલ વિઝીટ મારફત ૧૮૨૭૩ બિમાર પશુઓની સારવાર કરવામાં આવેલ છે.

## પશુ વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ :




પશુપાલકોને બિનફળદ્રુપ પશુઓથી થતુ આર્થિક નુકશાન અટકાવવા દૂધ સંઘ દ્વારા જી.સી.એમ.એમ.એફ.લી આણંદના સહયોગથી પશુ વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. કાર્યક્રમ હેઠળ જુદી જુદી દૂધ મંડળીઓ પસંદ કરી પશુપાલકોના પુખ્ત ઉંમરના બીન ઉત્પાદક પશુઓનું રજીસ્ટ્રેશન કરી કાર્યક્રમમાં આવરી લેવામાં આવે છે. દર ૪૫ દિવસના સમયગાળામાં ૪ પશુ વ્યંધ્યત્વ નિવારણ કેમ્પોમાં તમામ પશુઓને તપાસ/સારવાર હેઠળ રાખી પશુઓને પ્રજનનક્ષમ બનાવવામાં આવે છે. હિસાબના વર્ષ દરમ્યાન ૨૧૫ પશુ વ્યંધ્યત્વ નિવારણ કેમ્પો દ્વારા ૫૫૭૨ પશુઓની સારવાર થયેલ છે. જેના ફળસ્વરૂપ ૨૯૫૩ પશુઓ પ્રજનનક્ષમ બનેલ છે.

## પશુ સંવર્ધન

નફાકારક પશુપાલન માટે પશુદીઠ દૂધ ઉત્પાદન વધારવું અનિવાર્ય છે. તે માટે સારી ઓલાદના પશુઓ ઉત્પન્ન થાય તે જરૂરી છે. પશુ ઓલાદ સુધારણા માટે ઉત્તમ ઓલાદના સીમેન ડોઝથી કૃત્રિમ બીજદાન દ્વારા પશુ ફેળવવા તે એક માત્ર ઉપાય છે. હિસાબના વર્ષ દરમ્યાન ૮૩ કૃત્રિમ બીજદાન સેન્ટરો મારફત કૃત્રિમ બીજદાન થકી ૧૨૩૨૮ પશુઓને ફેળવેલ છે. જે પૈકી ૨૫૮૩ બચ્ચાઓ જન્મેલ છે.



## કૃમિ નિવારણ તથા રસીકરણ :

પશુઓમાં થતા કૃમિ નિવારણ માટે ૨૯૨૫૮ પશુઓને કૃમિ નિવારણ ડોઝ આપવામાં આવેલ છે. ૧૧૪૫૪૫ પશુઓને ખરવા-મોવાસાનું અને ૨૭૨૯૮ પશુઓને ગળસુંઢાનું રસીકરણ કરવામાં આવેલ છે.

## ઈઆઈડી કાર્યક્રમ :

સરકારશ્રીની સો ટકા સહાયથી ચાલતા ઈઆઈડી કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૫૮૦૦ પશુઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

## રાશન બેલેન્સીંગ (આર.બી.પી.) કાર્યક્રમ :

પશુપાલકો તેમની પાસે ઉપલબ્ધ પશુઆહારમાંથી તેમના પશુઓને પુરતા પોષક તત્વો મળી રહે તે માટે કેટલા પ્રમાણમાં તે ચારો આપવો અને પશુ પોષણનું સમતોલન જળવાઈ રહે તે માટે રાસન બેલેન્સીંગ કાર્યક્રમ અપનાવેલ છે. પ્રથમ તબક્કે સો દૂધ મંડળીઓ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરેલ છે.

## :: પશુ સારવાર–પશુ ઓલાદ સુધારણા પ્રવૃતિની પ્રગતિ દર્શક માહિતી ::

| અ.નં. | પ્રવૃતિની વિગત | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પશુ સારવાર–સ્પેશ્યલ વિઝિટ | ૧૯૪૭ | ૪૨૨૪ | ૧૨૨૯૪ | ૨૧૨૫૦ | ૧૮૨૭૩ |
| ૨. | વંધ્યત્વ નિવારણ કેમ્પ<br>સારવાર થયેલ પશુ | ૪૭<br>૪૭૧ | ૨૯<br>૮૪૫ | ૧૭૬<br>૧૩૪૦ | ૨૪૬<br>૨૨૩૨ | ૨૧૫<br>૫૫૭૨ |
| ૩. | કૃત્રિમ બીજદાન – કૃત્રિમ બીજદાન કેન્દ્રો<br>કૃત્રિમ બીજદાન સંખ્યા | ૨૯<br>૩૮૫૪ | ૨૭<br>૪૯૩૭ | ૭૯<br>૭૮૫૩ | ૮૩<br>૧૦૬૧૩ | ૮૩<br>૧૨૩૨૮ |
| ૪. | કૃમિ નિવારણ ડોઝ | ૩૧૪૭૦ | ૫૭૭૭૫ | ૫૮૪૫૦ | – | ૨૯૨૫૮ |
| ૫. | ખરવા–મોવાસા<br>ગળસૂંઢો | ૨૨૧૨૦<br>૧૬૩૨૫ | ૧૯૭૯૬<br>૩૦૬૨૦ | ૩૮૫૦૦<br>૨૨૪૦૦ | ૪૦૨૭૦<br>૨૪૪૬૦ | ૧૧૪૫૪૫<br>૨૭૨૯૮ |
| ૬. | પશુપાલક જાગૃતિ કાર્યક્રમ | ૪૫ | ૬ | ૯૨ | – | – |
| ૭. | પશુ ઓળખ અને રજીસ્ટ્રેશન | – | – | ૧૦૫૭૦ | ૧૬૧૫૧ | ૨૫૮૦૦ |

## દૂધ મંડળીઓના સભાસદો/પશુપાલકો માટેની કલ્યાણકારી યોજનાઓ :

### :: જુથ વિમા યોજના ::

દૂધ સંઘ દ્વારા દૂધ મંડળીઓના સભાસદો/પશુપાલકોના હિતાર્થે વિવિધ યોજનાઓ મારફત કલ્યાણકારી પ્રવૃતિઓ કરવામાં આવે છે. જીવન વિમા નિગમની જી.આઈ અને જેબીવાય યોજનાઓ મારફત હિસાબના વર્ષ દરમ્યાન ૫૩૦ દૂધ મંડળીઓના ૩૬૩૧૩ દૂધ ઉત્પાદકોને વિમાનું રક્ષણ આપેલ છે. વિમા પ્રિમિયમમાં ૫૦ ટકા સહાયના ધોરણે દૂધ સંઘે રૂા. ૩૪.૭૧ લાખ સહાય ચુકવેલ છે. જે બી વાય યોજના નીચે ૭૮ વિમા કલેઈમના રૂા. ૨૧.૭૫ લાખ ચુકવાયેલ છે. તેમજ જી.આઈ. યોજના નીચે ૯૧ વિમા કલેઈમના રૂા. ૮.૭૦ લાખ ચુકવાયેલ છે.

### દૂધ મંડળીઓના સભાસદો માટેની મરણોત્તર સહાય યોજના :

દૂધ મંડળીઓના મૃત્યુ પામનારા સભાસદોના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર દૂધ સંઘ દ્વારા પોતાના સ્વભંડોળમાંથી દૂધ મંડળીઓના સભાસદો માટેની મરણોતર સહાય યોજના અમલમાં મુકેલ છે. હિસાબના વર્ષ દરમ્યાન ૬૯ મૃતક સભાસદોના વારસદારોને રૂા. ૨૪.૯૦ લાખ સહાય ચુકવાયેલ છે.



### દૂધ મંડળીઓને માળખાકીય સુવિધા :

#### (૧) વિકાસ ફંડ સહાય યોજના :–

જિલ્લાની દૂધ મંડળીઓને માળખાકીય સુવિધા ઉપલબ્ધ થાય તેમજ દૂધ ઉત્પાદકો પશુપાલન વ્યવસાય અંગે પ્રત્યક્ષ માહિતી મેળવી શકે તેમજ દૂધ મંડળી ખાતે દૂધની ગુણવત્તાની ચકાસણી વ્યવસ્થિત થઈ શકે તેવા હેતુસર દૂધ સંઘ દ્વારા દૂધ મંડળીઓને દૂધઘર બનાવવા, ડેરી શૈક્ષણિક પ્રવાસો યોજવા અને મિલ્કોસ્કીન મશીન ખરીદવા માટે વિકાસ ફંડમાંથી સહાય આપવાનું આયોજન કરેલ છે. હિસાબના વર્ષ દરમ્યાન બે દુધઘર માટે રૂા. ૧.૦ લાખ અને સાત મિલ્કોસ્કીન મશીન માટે રૂા. ૩.૫૦ લાખ સહાય ચુકવવામાં આવેલ છે.

#### (૨) સરકારશ્રીની સહાયીત યોજનાઓ :–

ગુણવત્તાયુકત દૂધ સંપાદનના ધ્યેયને હાંસલ કરવા તેમજ દૂધ સંપાદન પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવવા માટે સરકારશ્રીએ ગ્રામ્ય સામાન્ય/મહિલા સંચાલીત દૂધ સહકારી મંડળીઓને માળખાકીય સુવિધાથી સજ્જ કરવા માટે વિવિધ સહાયીત યોજનાઓ અમલમાં મુકેલ છે. હિસાબી વર્ષના અંતે ૧૧૯ બીએમસી ૫૦૦૦ લી. કેપે.ના, ૧ બીએમસી ૪૦૦૦ લી. કેપે. નું અને ૧૯ બીએમસી ૩૦૦૦ લી. કેપે. ના મળી કુલ ૧૩૯ બલ્ક મિલ્ક કુલર સ્થપાયેલ છે. જે પૈકી ૧૩૩ બલ્ક મિલ્ક કુલર કાર્યરત છે. તમામ બીએમસી કલસ્ટરમાં ચલાવવામાં આવે છે. કુલ સંપાદનના ૯૪ ટકા દૂધ બીએમસી મારફત સંપાદન થાય છે. તેમજ તમામ દૂધ મંડળીઓ એએમસીએસથી સજ્જ છે.

### (૩) એન.ડી.પી. ૧ / એન.પી.ડી.ડી. :-

એન.ડી.ડી.બી. દ્વારા એન.ડી.પી.૧ (વી.બી.એમ.પી.એસ.–૨) યોજના હેઠળ ૫૦ ટકા સહાયના ધોરણે ૮ બીએમસી ૫૦૦૦ લી. કેપે. ના અને ૧૦ બીએમસી ૩૦૦૦ લી. કેપે. ના મંજુર થયેલ છે. તેમજ ભારત સરકાર દ્વારા એન.પી.ડી.ડી. પ્રોજેકટ અંતર્ગત ૪ બીએમસી ૫૦૦ લી. કેપે. ના તથા ૩૨ બીએમેસી ૧૦૦૦ લી. કેપે. ના અને ૬ બીએમસી ૨૦૦૦ લી. કેપે.ના મંજુર કરવામાં આવેલ છે.

### સીડી/આઈસીડી કાર્યક્રમ :

ગ્રામ્ય પ્રાથમિક દૂધ મંડળીઓ સાથે જોડાયેલા સૌ કોઈ દ્વારા દૂધ સહકારી પ્રવૃતિને વધુ વેગવાન બનાવવા તેમજ સુધારાના ક્ષેત્રોને પ્રાધાન્ય આપી તેની પૂર્તતા સહ સર્વાંગી વિકાસ કઈ રીતે સાંધી શકાય તેવા ચોકકસ ધ્યેય સાથેના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તેમાં દૂધ મંડળી કક્ષા, કર્મચારી કક્ષા અને દૂધ ઉત્પાદક કક્ષાના વિવિધ કાર્યક્રમો જી.સી.એમ.એમ.એફ. લી. ના સહયોગથી હાથ ધરવામાં આવેલ છે. હિસાબના વર્ષ દરમ્યાન ૧૩૦ ધ્યેય નિર્ધારણ કાર્યક્રમ દ્વારા ૨૩૫૭ પુરૂષ અને ૪૬૨૭ મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે. ૨૦ મહિલા જાગૃતિ કાર્યક્રમ દ્વારા ૮૬૮ મહિલાઓને તાલીમ આપવામાં આવેલ છે.

### ગ્રીન ઝાલાવાડ / વૃક્ષરોપણ કાર્યક્રમ :

પશુપાલન વ્યવસાયમાં તેમજ જીવન જીવવામાં વૃક્ષનું આગવુ મહત્વ છે. વૃક્ષોનું જતન આપણા સૌનુ એક સામાજિક ઉત્તરદાયિત્વ પણ છે. દર વર્ષે ૧૫ મી ઓગષ્ટ – સ્વાતંત્ર પર્વને વૃક્ષારોપણ દિન તરીકે ઉજવાય છે. હિસાબના વર્ષ દરમ્યાન દૂધ મંડળીઓ – દૂધ ઉત્પાદકો મારફત ૩૪૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.





### દૂધ સંજીવની યોજના :

ગુજરાત સરકારશ્રીના મધ્યાહન ભોજન વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની આર્થિક મદદથી જિલ્લાના ૩ તાલુકાની પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીના બાળકોને તેમજ ૩ તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે અને કુપોષણમાંથી મુકિત મળે તે આશયથી દૂધ સંજીવની યોજના અમલમાં છે. હિસાબના વર્ષ દરમ્યાન ૨૦૦ ગ્રામના પાઉચમાં ૨૬.૪૪ લાખ લીટર દૂધનું વિતરણ કરવામાં આવેલ છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં આ યોજના અમલમાં મુકવા સરકારશ્રીને વિનંતી કરવામાં આવેલ છે.

### ભાવિ આયોજન :

(૧) દિન પ્રતિદિન દૂધ સંપાદનમાં થઈ રહેલ વધારાને ધ્યાનમાં લેતા ભવિષ્યમાં દૈનિક ૧૦.૦૦ લાખ લીટર કેપેસીટી સુધીની ડેરી બનાવવાનું આયોજન વિચારણામાં છે.

(૨) દૈનિક મહત્તમ ૭.૨૪ લાખ કિલો દૂધનું સંપાદન છે તેને વધારી દૈનિક મહત્તમ ૧૦.૦૦ લાખ કિલો કરવુ.

(૩) પ્રતિદિન ૧૦૦ મે. ટન ક્ષમતાનો કેટલફીડ પ્લાન્ટ બનાવવો.

(૪) ગુજરાત રાજય બહાર મહારાષ્ટ્ર રાજયમાં દૈનિક ૩.૦ લાખ લીટર દૂધનું વેચાણ કરવુ અને જેના માટે હાલના પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટમાં માળખાકીય વધારો કરવો.

(૫) વધુ વસ્તી ધરાવતા ગામોની દૂધ મંડળીઓ ખાતે અમૂલ પાર્લર બનાવવા.

# આભાર દર્શન

આજની સાધારણ સભા પ્રસંગે સુરસાગરની વિકાસ યાત્રામાં સહભાગી બનેલા તમામના સહકાર, સેવા અને માર્ગદર્શનની નોંધ લેતા આનંદની લાગણી અનુભવુ છું.

ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબનો આપણા કાર્યક્ષેત્રના દૂધ ઉત્પાદકોની આર્થિક ઉન્નતિ માટેની વિવિધ યોજનાઓના અમલીકરણ માટે આપેલ સહયોગ અને માર્ગદર્શન બદલ સુરસાગર પરિવાર વતી અંતઃકરણ પૂર્વક આભાર માનુ છું. માનનીયશ્રી આર.સી. ફળદુ સાહેબ, મંત્રીશ્રી કૃષિ, ગ્રામ વિકાસ, મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન, વાહન વ્યવહાર, માનનીય શ્રી ઈશ્વરસિંહ પટેલ સાહેબ, મંત્રીશ્રી – સહકાર, રમત ગમત, યુવક સાંસ્કૃતિક વિભાગ(સ્વતંત્ર હવાલો), વાહન વ્યવહાર(રા.ક), માનનીય શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ, પ્રમુખશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ, માનનીય શ્રી આઈ.કે. જાડેજા સાહેબ, ઉપાધ્યક્ષશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ અને વિવિધ મંત્રાલયના મંત્રીશ્રીઓ તેમજ જિલ્લાના સાંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રીઓ તેમજ શ્રી હરદેવસિંહ પરમાર, ચેરમેનશ્રી સુરેન્દ્રનગર ડી.કો.ઓપરેટીવ બેંક લી. વગેરેનો જેટલો આભાર માનુ તેટલો ઓછો છે.

દૂધ સંઘને રોજબરોજની કામગીરીમાં સહાયભુત રહેલ અને વિકાસના કામોમાં જરૂરી માર્ગદર્શન અને સહકાર આપવા બદલ ગુજરાત કો. ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, મેનેજીંગ ડીરેકટરશ્રી, અધિકારીશ્રીઓ તેમજ સભ્ય દૂધ સંઘોના ચેરેમનશ્રીઓ, મેનેજીંગ ડીરેકટરશ્રીઓ, અમૂલ ફેડ ડેરી ગાંધીનગરના જનરલ મેનેજરશ્રી તથા અધિકારીશ્રીઓ, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી તથા તમામ અધિકારીશ્રીઓ દ્વારા મળેલ સહકાર બદલ આભાર માનુ છું.

દૂધ સંઘના સફળ અને સુદઢ વહીવટ માટે સદાય માર્ગદર્શક રહેલ માનનીય સચિવશ્રી (સહકાર અને પશુપાલન), રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ (ગુ.રા.), કાર્યપાલક અધિકારીશ્રી નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ (ગુ.રા.), પશુપાલન નિયામકશ્રી(ગુ.રા.) તથા અધિકારીશ્રીઓ, જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર, ખાસ અન્વેષકશ્રી (દૂધ), કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નાયબ પશુપાલન નિયામકશ્રી સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ તરફથી મળેલ સહકાર બદલ આભાર વ્યકત કરૂ છું.

સંઘ સંયોજીત દૂધ મંડળીઓના સભાસદ ભાઈઓ, બહેનો, ચેરમેનશ્રીઓ, વ્ય.કમિટીના સભ્યશ્રીઓ, કર્મચારીઓ કે જેઓ આપણી પ્રવૃતિના આધાર સ્તંભ રહયા છે. તેઓ પ્રત્યે હદયપૂર્વક આભારની લાગણી વ્યકત કરૂ છું.

નિયામક મંડળના મારા સાથી સભ્યોનો તેમના સહકાર બદલ ઋણી છું કે જેઓ નિતિવિષયક નિર્ણયો લેવામાં સહયોગી બનેલ છે અને પ્રવૃતિના વિકાસમાં નિરંતર ઉપયોગી રહયા છે.

દૂધ સંઘના વ્યવસાય કુશળ વ્યવસ્થાપન માટે દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓની સભાસદ લક્ષી સેવાઓ બદલ સૌને અભિનંદન આપુ છું.

સંગઠન, સેવા, સહકાર, ધ્યેય અને નિષ્ઠાને વરેલી આપણી વિકાસ યાત્રા સતત પ્રગતિના શિખરો આંબતી રહે અને આવનાર વર્ષોમાં વિકાસના અનેક નવા સોપાન સર કરે તેવી અપેક્ષા સાથે વિરમુ છું.

**તારીખ : ૨૦/૦૭/૨૦૧૮**
**સુરેન્દ્રનગર**

'જય ઠાકરધણી'
આપનો સહકારી
**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
અધ્યક્ષશ્રી

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

### તા. ૩૧–૩–૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧–૩–૨૦૧૭ | ફંડ તથા દેવા | ૩૧–૩–૨૦૧૮ |
|---|---|---|
| ૨૫,૦૦,૦૦,૦૦૦–૦૦ | શ્રી સત્તાવાર શેર ભંડોળ | ૨૫,૦૦,૦૦,૦૦૦–૦૦ |
| | (૨,૫૦,૦૦૦ શેર દરેક રૂા. ૧૦૦૦ નો) | |
| ૯,૮૫,૦૮,૮૦૦–૦૦ | શ્રી ભરપાઈ થયેલ શેર ભંડોળ | ૯,૮૪,૧૨,૧૦૦–૦૦ |
| ૪૮,૬૮,૩૭,૬૯૫–૬૫ | શ્રી રીઝર્વ ફંડ, અન્ય ફંડ તથા ગ્રાન્ટ | ૨૭,૮૪,૨૦,૨૨૦–૫૪ |
| ૮૭,૨૦,૭૧,૧૬૯–૬૨ | શ્રી ડીપોઝીટ | ૮૦,૨૯,૪૨,૩૯૪–૩૦ |
| ૧,૧૧,૦૧,૦૬,૦૦૨–૮૫ | શ્રી ચાલુ દેવા | ૧,૩૦,૭૧,૩૮,૮૩૯–૮૮ |
| ૧,૮૭,૨૮,૧૧૭–૦૦ | શ્રી જોગવાઈઓ | ૨,૧૬,૩૪,૬૫૩–૩૯ |
| ૨,૪૬,૫૮,૩૨૦–૧૧ | શ્રી ચોખ્ખો નફો | ૨,૬૭,૯૮,૩૫૫–૫૧ |
| ૨,૬૧,૦૯,૧૦,૧૦૫–૨૩ | કુલ સરવાળો... | ૨,૫૩,૫૩,૪૬,૫૬૩–૬૨ |

નોંધ : આ હિસાબો તા. ૦૪–૦૬–૨૦૧૮ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૧૧ થી મંજૂર થયેલ છે.

| આર. જી. સાગઠીયા | એન.સી. બરછા એન્ડ કાું. | વિવેક આર. મોઢ | ગુરદિત સિંગ | બાબાભાઈ એસ. ભરવાડ |
|---|---|---|---|---|
| સ્પે. ઓડીટર (મિલ્ક) સુરેન્દ્રનગર | ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી, સ્ટેટ્યુટરી ઓડીટર એન.સી. બરછા (પેનલ નં. ૪૭૫) | આસી. મેનેજર (એકાઉન્ટ) | મેનેજીંગ ડીરેક્ટર | ચેરમેન |

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

### તા. ૩૧–૩–૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧–૩–૨૦૧૭ | મિલકત તથા લેણું | ૩૧–૩–૨૦૧૮ |
|---|---|---|
| ૪૭,૨૮,૨૫,૩૭૦–૯૨ | શ્રી મિલકતો (પરિશિષ્ટ મુજબ) | ૪૧,૧૮,૪૦,૯૯૨–૧૯ |
| ૮,૬૮,૯૭,૯૫૦–૦૦ | શ્રી રોકાણો | ૮,૬૮,૯૮,૦૦૦–૦૦ |
| ૯૨,૯૫,૧૬૫–૮૦ | શ્રી સ્ટોક | ૧,૩૩,૯૮,૩૩૮–૫૫ |
| ૧,૦૪,૬૭,૮૭,૦૩૨–૩૫ | શ્રી ડીપોઝીટ | ૧,૦૯,૭૨,૬૫,૬૫૨–૦૦ |
| ૨,૪૦,૫૧૨–૦૦ | શ્રી લોન અને એડવાન્સીઝ | ૧૨,૧૨,૮૫૮–૦૦ |
| ૫૮,૧૦,૮૧,૨૩૦–૧૨ | શ્રી બાકી લેણાં | ૫૧,૯૭,૯૨,૧૫૦–૫૪ |
| ૪૧,૩૭,૮૨,૮૪૪–૦૪ | શ્રી કેશ અને બેન્ક સિલક | ૪૦,૪૯,૩૮,૫૭૨–૩૪ |
| ૨,૬૧,૦૯,૧૦,૧૦૫–૨૩ | કુલ સરવાળો... | ૨,૫૩,૫૩,૪૬,૫૬૩–૬૨ |

સામેલ અહેવાલ મુજબ

| | | | | |
|---|---|---|---|---|
| આર. જી. સાગઠીયા<br>સ્પે. ઓડીટર<br>(મિલ્ક)<br>સુરેન્દ્રનગર | એન.સી. બરછા એન્ડ કાં.<br>ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,<br>સ્ટેટ્યુટરી ઓડીટર<br>એન.સી. બરછા<br>(પેનલ નં. ૪૭૫) | વિવેક આર. મોઢ<br>આસી. મેનેજર<br>(એકાઉન્ટ) | ગુરદિત સિંગ<br>મેનેજીંગ ડીરેક્ટર | બાબાભાઈ એસ. ભરવાડ<br>ચેરમેન |

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

### તા. ૧–૪–૨૦૧૭ થી તા. ૩૧–૩–૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા–નુકશાન પત્રક

| ૨૦૧૬–૨૦૧૭ | જાવક | ૨૦૧૭–૨૦૧૮ |
|---|---|---|
| ૯૭,૧૧,૪૮૬–૬૪ | શ્રી ઉઘડતો સ્ટોક | ૯૨,૯૫,૧૬૫–૮૦ |
| ૭,૯૧,૪૦,૯૬,૨૩૮–૧૨ | શ્રી ખરીદી | ૮,૫૦,૮૩,૯૦,૨૮૯–૪૪ |
| ૧૧,૭૮,૦૪,૯૬૫–૬૩ | શ્રી ખરીદી ખર્ચ | ૧૬,૧૬,૭૧,૯૩૩–૪૮ |
| ૭૧,૮૧,૪૨૯–૯૪ | શ્રી પાવર અને બળતણ ખર્ચ | ૨,૯૬,૩૮,૭૮૮–૫૬ |
| ૬૧,૮૫,૪૬૮–૯૯ | શ્રી મરામત અને નિભાવ ખર્ચ | ૮૯,૦૯,૨૦૬–૪૭ |
| ૫,૬૯,૩૦,૩૫૨–૫૫ | શ્રી પ્રોસેસીંગ ખર્ચ | ૭,૭૨,૬૯,૦૧૯–૦૬ |
| ૫,૫૦,૧૫,૧૭૬–૫૫ | શ્રી પગાર ખર્ચ | ૬,૯૧,૫૪,૮૫૦–૪૯ |
| ૪,૫૩,૬૩૯–૦૦ | શ્રી વિમા પ્રિમીયમ ખર્ચ | ૭,૩૩,૯૮૭–૩૩ |
| ૧૭,૦૩,૭૨૮–૪૦ | શ્રી પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૧૫,૬૭,૯૯૨–૩૫ |
| ૨૨,૩૬,૩૭૮–૭૯ | શ્રી પ્રવાસ ખર્ચ | ૨૩,૦૨,૪૬૭–૦૦ |
| ૫,૯૩,૯૩૧–૩૨ | શ્રી વાહન મરામત નિભાવ ખર્ચ | ૬,૭૨,૭૧૬–૪૫ |
| ૨૦,૧૨,૯૦૦–૦૦ | શ્રી લીગલ ફી ખર્ચ | ૨૨,૨૯,૩૫૦–૦૦ |
| ૩૯,૭૪,૬૩૬–૦૦ | શ્રી અન્વેષણ ખર્ચ | ૨૯,૬૨,૯૪૨–૦૦ |
| ૪,૭૭,૦૩,૯૪૭–૦૫ | શ્રી વ્યાજ અને બેન્ક કમીશન ખર્ચ | ૫,૧૩,૩૩,૭૧૦–૪૭ |
| ૯૭,૧૨,૭૫૭–૩૧ | શ્રી સહકાર વિકાસ ખર્ચ | ૧,૧૩,૧૮,૭૭૮–૦૧ |
| ૭૩,૭૪,૨૯૬–૦૧ | શ્રી પરચુરણ ખર્ચ | ૧,૦૦,૪૨,૨૦૬–૫૦ |
| ૯,૪૫,૮૮૨–૦૦ | શ્રી માર્કેટીંગ ખર્ચ | ૬૯,૨૦,૦૬૦–૫૬ |
| ૧,૬૫,૬૭,૯૬૯–૮૦ | શ્રી ઘસારા ખર્ચ | ૨,૯૧,૦૨,૨૫૪–૬૧ |
| ૦૦–૦૦ | શ્રી ઈન્કમટેક્ષ ખર્ચ | ૨,૨૮,૯૧,૬૦૦–૦૦ |
| ૨,૪૬,૫૮,૩૨૦–૧૧ | શ્રી ચોખ્ખો નફો | ૨,૬૭,૯૮,૩૫૫–૫૧ |
| ૮,૨૮,૪૮,૬૩,૫૦૪–૨૧ | કુલ સરવાળો... | ૯,૦૩,૩૨,૦૫,૬૭૪–૦૯ |

નોંધ : આ હિસાબો તા. ૦૪–૦૬–૨૦૧૮ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૧૧ થી મંજૂર થયેલ છે.

| આર. જી. સાગઠીયા | એન.સી. બરછા એન્ડ કું. | વિવેક આર. મોઢ | ગુરદિત સિંગ | બાબાભાઈ એસ. ભરવાડ |
|---|---|---|---|---|
| સ્પે. ઓડીટર<br>(મિલ્ક)<br>સુરેન્દ્રનગર | ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,<br>સ્ટેટ્યુટરી ઓડીટર<br>એન.સી. બરછા<br>(પેનલ નં. ૪૭૫) | આસી. મેનેજર<br>(એકાઉન્ટ) | મેનેજીંગ ડીરેક્ટર | ચેરમેન |

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ-૩૬૩ ૦૩૫.

### તા. ૧-૪-૨૦૧૭ થી તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન પત્રક

| ૨૦૧૬-૨૦૧૭ | આવક | ૨૦૧૭-૨૦૧૮ |
|---|---|---|
| ૮,૧૮,૫૨,૭૫,૨૫૫-૫૬ | શ્રી વેચાણ | ૮,૯૨,૪૧,૫૨,૬૪૨-૪૨ |
| ૯,૦૨,૯૩,૦૮૨-૮૫ | શ્રી પરચુરણ આવક | ૯,૫૬,૫૪,૬૯૩-૧૨ |
| ૯૨,૯૫,૧૬૫-૮૦ | શ્રી બંધ સ્ટોક | ૧,૩૩,૯૮,૩૩૮-૫૫ |
| ૮,૨૮,૪૮,૬૩,૫૦૪-૨૧ | કુલ સરવાળો... | ૯,૦૩,૩૨,૦૫,૬૭૪-૦૯ |

સામેલ અહેવાલ મુજબ

| આર. જી. સાગઠીયા | એન.સી. બરછા એન્ડ કું. | વિવેક આર. મોઢ | ગુરદિત સિંગ | બાબાભાઈ એસ. ભરવાડ |
|---|---|---|---|---|
| સ્પે. ઓડીટર (મિલ્ક) સુરેન્દ્રનગર | ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી, સ્ટેટ્યુટરી ઓડીટર એન.સી. બરછા (પેનલ નં. ૪૭૫) | આસી. મેનેજર (એકાઉન્ટ) | મેનેજીંગ ડીરેક્ટર | ચેરમેન |

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ-૩૬૩ ૦૩૫.

## પેટા નિયમ મુજબ નફાની ફાળવણી ૨૦૧૭-૧૮

| ચોખ્ખો નફો | | ૨,૬૭,૯૮,૩૫૫-૫૧ |
|---|---|---|
| રીઝર્વ ફંડ | ૨૫% | ૬૬,૯૯,૫૮૮-૮૮ |
| શિક્ષણ ફંડ | ૨.૫% | ૩,૦૦,૦૦૦-૦૦ |
| ડીવીડન્ડ | ૧૫% (૯૮૪૧૨૧૦૦ શેર ભંડોળ) | ૧,૪૭,૬૧,૫૮૫-૦૦ |
| | ફુલ | ૨,૧૭,૬૧,૧૭૩-૮૮ |

| બાકી નફો | | ૫૦,૩૭,૧૮૧-૬૩ |
|---|---|---|
| જનરલ રીઝર્વ ફંડ | ૮૫% | ૪૨,૮૧,૬૦૪-૩૯ |
| ધર્માદા ફંડ | ૫% | ૨,૫૧,૮૫૯-૦૮ |
| સહકાર પ્રચાર ફંડ | ૫% | ૨,૫૧,૮૫૯-૦૮ |
| સંશોધન અને વિકાસ ફંડ | ૫% | ૨,૫૧,૮૫૯-૦૮ |
| | ફુલ | ૫૦,૩૭,૧૮૧-૬૩ |

**નોંધ : આ હિસાબો તા. ૦૪-૦૬-૨૦૧૮ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૧૨ થી મંજૂર થયેલ છે.**

| આર. જી. સાગઠીયા | એન.સી. બરછા એન્ડ કું. | વિવેક આર. મોઢ | ગુરદિત સિંગ | બાબાભાઈ એસ. ભરવાડ |
|---|---|---|---|---|
| સ્પે. ઓડીટર (મિલ્ક) સુરેન્દ્રનગર | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વતી, સ્ટેટ્યુટરી ઓડીટર એન.સી. બરછા (પેનલ નં. ૪૭૫) | આસી. મેનેજર (એકાઉન્ટ) | મેનેજીંગ ડીરેક્ટર | ચેરમેન |



સુરસાગર ડેરીના ચેરમેન તરીકે ત્રીજી વખત કાર્યભાર સંભાળતા શ્રી બાબાભાઈ ભરવાડ



ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા વાઈસ ચેરમેનશ્રી સુરાભાઈ રબારી ની બીન હરીફ વરણી થતા શુભેચ્છા પાઠવતા માજી મંત્રીશ્રી કિરીટસિંહ રાણા સાહેબ, સુરેન્દ્રનગર ડી.કો.ઓપ.બેંક ના ચેરમેનશ્રી હરદેવસિંહ પરમાર, ખેતી બેંક સુરેન્દ્રનગર ના ચેરમેનશ્રી મંગળસિંહ પરમાર, તથા મહેન્દ્રસિંહ જાડેજા(ભાણુભા)




સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રી ને ચેક અર્પણ કરતા સુરસાગર ડેરીના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા ડીરેકટરશ્રી મંગળસિંહ પરમાર, શ્રી નરેન્દ્રસિંહ રાણા, મેનેજીંગ ડીરેકટરશ્રી ગુરદિત સિંગ.



સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રી ને ચેક અર્પણ કરતા બલાળા મહિલા દૂધ મંડળીના પ્રમુખ શ્રીમતિ જનકબેન જાદવ

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

### આવક તથા ખર્ચનું અંદાજપત્રઃ સને ૨૦૧૮–૨૦૧૯

| આવક | રૂપિયા (લાખમાં) |
|---|---|
| શ્રી વેચાણ | ૧૨૯૭૦૫–૦૦ |
| શ્રી પરચુરણ આવક | ૧૨૯૦–૦૦ |
| કુલ સરવાળો | ૧૩૦૯૯૫–૦૦ |

| ખરીદી તથા ખર્ચ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| શ્રી ખરીદી | ૧૧૩૭૩૫–૦૦ |
| શ્રી ખરીદી ખર્ચ | ૩૪૦૯–૦૦ |
| શ્રી પાવર અને બળતણ ખર્ચ | ૧૨૨૯–૦૦ |
| શ્રી મરામત અને નિભાવ ખર્ચ | ૬૩૭–૦૦ |
| શ્રી પ્રોસેસીંગ ખર્ચ | ૨૮૪૨–૦૦ |
| શ્રી પેકીંગ મટીરીયલ ખર્ચ | ૧૨૭૦–૦૦ |
| શ્રી પગાર ખર્ચ | ૨૦૮૧–૦૦ |
| શ્રી વિમા પ્રિમિયમ ખર્ચ | ૪૧૮–૦૦ |
| શ્રી પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૧૭૦–૦૦ |
| શ્રી પ્રવાસ અને જાહેરાત ખર્ચ | ૧૧૩–૦૦ |
| શ્રી વાહન મરામત નિભાવ ખર્ચ | ૮૨–૦૦ |
| શ્રી લીગલ ફી અને વ્યવસાય ખર્ચ | ૧૯૩–૦૦ |
| શ્રી અન્વેષણ ઓડીટ ફી | ૧૩૨–૦૦ |
| શ્રી વ્યાજ અને બેન્ક કમિશન | ૧૨૫૨–૦૦ |
| શ્રી સહકાર વિકાસ અને પશુપાલન ખર્ચ | ૯૨૪–૦૦ |
| શ્રી પરચુરણ અને વહીવટી ખર્ચ | ૪૪૨–૦૦ |
| શ્રી સરભરા અને વાર્ષિક મીટીંગ ખર્ચ | ૩૧૮–૦૦ |
| શ્રી ઘસારા ખર્ચ | ૧૪૬૮–૦૦ |
| શ્રી ચોખ્ખો નફો | ૨૮૦–૦૦ |
| કુલ સરવાળો | ૧૩૦૯૯૫–૦૦ |

### મૂડી ખર્ચનું અંદાજપત્ર : સને ૨૦૧૮–૨૦૧૯

| કેપીટલ બજેટ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| શ્રી મશીનરી પ્લાન્ટ | ૮૦૦૦-૦૦ |
| શ્રી મકાન બાંધકામ | ૫૫૦૦-૦૦ |
| શ્રી વાહન ખરીદી | ૬૦-૦૦ |
| શ્રી કેન ખરીદી | ૩૦૦-૦૦ |
| શ્રી કેટલ ફીડ પ્લાન્ટ અને જમીન | ૫૦૦૦-૦૦ |
| શ્રી ઈલેક્ટ્રીકલ અને ફીક્ષ્ચર | ૨૦૦-૦૦ |
| શ્રી કોમ્પ્યુટર અને એસેસરીઝ | ૧૨૦-૦૦ |
| શ્રી ચીલીંગ સેન્ટર રીનોવેશન | ૨૦૦-૦૦ |
| શ્રી વાછરડી ઉછેર | ૫૫૦-૦૦ |
| શ્રી ફર્નીચર, ફીકચર અને ઈન્ટીરીયલ | ૨૫૦-૦૦ |
| શ્રી લેબ ઈકવીપમેન્ટ | ૪૦૦-૦૦ |
| શ્રી બલ્ક કૂલર ખરીદી અને અપગ્રેડેશન | ૮૦૦-૦૦ |
| કુલ સરવાળો | ૨૧૩૮૦–૦૦ |

## ઓડીટરશ્રીનો અહેવાલ

અમોએ સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., વઢવાણનું તા. ૩૧–૩–૨૦૧૮ ના રોજનું સરવૈયું અને તે તારીખે પૂરાં થતાં વર્ષનું વેપાર ખાતું તથા નફા – નુકશાન ખાતું તપાસ્યા છે. હવે પછી ઈસ્યુ થનાર અન્વેષણ નોંધના સામાન્ય શેરાને આધિન રહીને જણાવું છું કે,

૧. અમારી જાણકારી અને માન્યતા મુજબ ઓડીટના હેતુ માટે જરૂરી એવી નાંણાકીય હિસાબોને લગતી માહિતી અને ખુલાસા પૂરા પાડવામાં આવેલ છે.

૨. અમોએ તપાસેલ હિસાબી દફતરની ચકાસણીના આધારે અમોને જણાય છે કે સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા જરૂરી હિસાબી ચોપડા નિભાવવામાં આવેલ છે.

૩. આ અહેવાલ સાથે સામેલ સરવૈયું, વેપાર ખાતું અને નફા–નુકશાન ખાતું અન્વેષણ નોંધના સામાન્ય શેરાને આધિન મંજૂર કરવામાં આવે છે.

૪. અમારી માન્યતા અને જાણકારી મુજબ તેમજ મારી સમક્ષ થયેલ ખુલાસાને આધારે આ હિસાબો તથા તે સાથે જોડવામાં આવેલ પત્રકો અન્વેષણના સામાન્ય શેરાને આધિન બરાબર જણાય છે.

૫. સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., વઢવાણના તા. ૩૧–૩–૨૦૧૮ ના રોજનું સરવૈયું અને તે વર્ષનું આખરનું વેપાર અને નફા નુકશાન ખાતું કે જેના હિસાબો પ્રમાણિત કરેલ છે તેની આનુસંગીક બાબતો નીચે પ્રમાણે છે.

સ્થાયી મિલ્કતો તેમજ તેના સ્થળની સંઘના જવાબદાર અધિકારીશ્રીઓ દ્વારા પ્રત્યક્ષ ખરાઈ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન કોઈપણ મિલ્કતનું પુનઃ મુલ્યાંકન થયેલ નથી.

વર્ષ દરમ્યાન સંઘના જવાબદાર અધિકારીઓ દ્વારા સ્ટોક, સ્ટોર્સ અને તૈયાર માલની પ્રત્યક્ષ ચકાસણી કરવામાં આવેલ છે અને સ્ટોક અને સ્ટોર્સની કિંમત સામાન્ય રીતે હિસાબોનાં સિધ્ધાંતોનું પાલન થાય તે રીતે આકારવામાં આવેલ છે.

**આર. જી. સાગઠીયા**
સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)
મિલ્ક ઓડીટ ઓફીસ, સુરેન્દ્રનગર.

**એન.સી.બરછા એન્ડ કું.**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટ્યુટરી ઓડીટર
એન.સી. બરછા
(પેનલ નં. ૪૭૫)

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

# :: હિસાબી નોંધ ::

## ૨૦૧૭–૨૦૧૮ મહત્વની હિસાબી નીતિઓ

૧. **હિસાબી પધ્ધતિ :** નાણાંકીય હિસાબો ઐતિહાસીક પધ્ધતિ મુજબ સામાન્ય રીતે સ્વીકારેલ હિસાબી સિધ્ધાંતો મુજબ

૨. **સ્થાવર–જંગમ મિલકત :** સ્થાવર મિલકતોનું મુલ્યાંકન ખરીદી કિંમતના આધારે કરવામાં આવે છે.

૩. **રોકાણો :** રોકાણો લાંબા ગાળા માટે કરેલ હોવાથી તેને પડતર કિંમતે દર્શાવેલ છે.

૪. **ઘસારો :** ઘસારો ઘટતી જતી બાકીની પધ્ધતિ મુજબ ગણવામાં આવે છે.

૫. **નિવૃતિ લાભો :** સંઘના કર્મચારીઓ માટે ગ્રેજયુઈટી ફાળો ભારતીય જીવન વિમા નિગમની સ્કીમમાં ભરેલ છે.

૬. **કર્મચારી ઈ.એલ.રજા અંગે :** કર્મચારી જયારે નિવૃત થાય ત્યારે ઈ.એલ.રજાનો પગાર ભારતીય જીવન વિમાની સ્કીમમાં ભરેલ છે.

૭. **દૂધનો સ્ટોક :** દૂધ ખરીદીની અંદાજીત મળવાપાત્ર કિંમતના સ્વીકારેલ ધોરણે કરેલ છે.

૮. **સ્ટોર્સ સ્ટોક :** સ્ટોર્સની આકારણી ખરીદ કિંમત મુજબ આકારવામાં આવેલ છે.

૯. **જોગવાઈ ન કરેલ સંભવિત જવાબદારી :** ઓડીટ ખર્ચ ફાળા અંગે હાઈકોર્ટમાં કેસ ચાલુ છે.

**આર. જી. સાગઠીયા**
સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)
મિલ્ક ઓડીટ ઓફીસ, સુરેન્દ્રનગર.

**એન.સી.બરછા એન્ડ કાું.**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટ્યુટરી ઓડીટર
એન.સી. બરછા
(પેનલ નં. ૪૭૫)

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

## મિલકત તથા ઘસારા ફંડની વિગત દર્શાવતું પત્રક : ૨૦૧૭–૨૦૧૮

| અ. નં. | મિલ્કતો | ગ્રોસ બ્લોક (મુળ કિંમત) | | | | ઘસારાનું પ્રોવિઝન | | | | નેટ બ્લોક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩૧–૩–૧૭ ના રોજ કુલ કિંમત રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયામાં | ૩૧–૩–૧૮ ના રોજ કુલ કિંમત રૂપિયામાં | ૩૧–૩–૧૭ ના રોજ કુલ ઘસારો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘસારો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ટ્રાન્સફર રૂપિયામાં | ૩૧–૩–૧૮ ના રોજ કુલ ઘસારો રૂપિયામાં | ૩૧–૩–૧૮ ના રોજની ચોખ્ખી કિંમત રૂપિયામાં |
| ૧. | જમીન | ૭૭૯૧૦૭૭-૦૦ | ૦ | ૦ | ૭૭૯૧૦૭૭-૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૭૯૧૦૭૭-૦૦ |
| ૨. | વાહનો | ૨૫૪૦૩૯૯-૪૦ | ૮૮૬૫૦૦-૦૦ | ૬૩૯૩૯૫-૦૦ | ૨૭૮૭૫૦૪-૪૦ | ૯૦૧૬૧૨-૧૧ | ૩૧૮૫૭૬-૧૬ | ૩૯૮૨૪૭-૩૭ | ૮૨૧૯૪૦-૯૦ | ૧૯૬૫૫૬૩-૫૦ |
| ૩. | ડેડ સ્ટોક | ૫૮૦૭૯૩૬-૮૮ | ૯૦૭૨૦૨૨-૧૫ | ૪૨૪૦૮૯-૨૯ | ૧૪૪૫૫૮૬૯-૭૪ | ૧૫૩૭૪૮૩-૩૦ | ૧૬૨૫૭૩૧-૭૯ | ૯૦૭૨૩-૭૫ | ૩૦૭૨૪૯૧-૩૪ | ૧૧૩૮૩૩૩૭૮-૪૦ |
| ૪. | ડેરી પ્લાન્ટ મશીનરી | ૧૬૯૯૫૭૯૮૯-૪૬ | ૧૪૩૧૮૧૮૮૨-૫૫ | ૩૮૪૨૭૮૬૯-૯૨ | ૨૭૪૭૧૨૦૦૨-૦૯ | ૯૩૭૭૩૩૪૫-૩૮ | ૧૯૨૯૪૩૦૬-૧૨ | ૩૦૦૨૩૭૨-૩૩ | ૧૧૦૦૬૫૨૭૯-૧૭ | ૧૬૪૬૪૬૭૨૨-૯૨ |
| ૫. | કોમ્પ્યુટર સામાન | ૨૬૭૨૯૯૯-૬૧ | ૪૬૨૯૬૫૧-૨૦ | ૩૦૧૨૦૦-૦૦ | ૭૦૦૧૪૫૦-૮૧ | ૨૪૧૭૧૫૫-૫૪ | ૧૨૭૭૯૧૦-૦૧ | ૮૧૦૦-૫૧ | ૩૬૮૬૯૬૫-૦૪ | ૩૩૧૪૪૮૫-૭૭ |
| ૬. | ઈલેક્ટ્રીક સામાન | ૯૮૫૭૧૯-૧૨ | ૨૫૩૧૫૪૨૮-૮૪ | ૫૨૯૧૭-૬૦ | ૨૬૨૪૮૨૩૦-૩૬ | ૬૧૦૧૫૮-૩૯ | ૧૪૪૨૨૧૪-૯૬ | ૯૨૬૬૮૭-૪૮ | ૧૧૨૫૬૮૫-૮૭ | ૨૫૧૨૨૫૪૪-૪૯ |
| ૭. | કેન એલ્યુ. | ૩૨૯૯૪૪૨૧-૭૨ | ૯૨૯૨૭૮-૮૭ | ૦ | ૩૩૯૨૩૭૦૦-૫૯ | ૧૭૧૨૪૫૯૯-૮૧ | ૨૪૦૯૪૯૭-૩૫ | ૦ | ૧૯૫૩૪૦૯૭-૧૬ | ૧૪૩૮૯૬૦૩-૪૩ |
| ૮. | ડેરી પ્લાન્ટ બિલ્ડીંગ | ૨૧૬૩૯૨૨૯-૦૦ | ૪૯૬૪૧૬૦૯૦-૯૩ | ૩૦૯૭૭૬૮૦૭-૦૬ | ૨૦૮૨૭૮૫૧૨-૮૭ | ૧૧૬૬૪૯૬૦-૬૫ | ૧૪૩૬૨૭૭૬-૦૭ | ૯૬૭૪૯૨-૧૯ | ૨૫૦૬૦૨૪૪-૫૩ | ૧૮૩૨૧૮૨૬૮-૩૪ |
| ૯. | સેપ પ્રોગ્રામ | ૨૨૮૨૩૧૧-૦૦ | ૦ | ૦ | ૨૨૮૨૩૧૧-૦૦ | ૨૨૫૮૯૪૦-૧૪ | ૧૪૦૨૨-૫૨ | ૦ | ૨૨૭૨૯૬૨-૬૬ | ૯૩૪૮-૩૪ |
| | કુલ સરવાળો (a) | ૨૪૬૬૭૨૦૮૩-૧૯ | ૬૮૦૪૩૦૮૫૪-૫૪ | ૩૪૯૬૨૨૨૭૮-૮૭ | ૫૭૭૪૮૦૬૫૮-૮૬ | ૧૩૦૨૮૮૨૫૫-૩૨ | ૪૦૭૪૫૦૩૪-૯૮ | ૫૩૯૩૬૨૩-૬૩ | ૧૬૫૬૩૯૬૬૬-૬૭ | ૪૧૧૮૪૦૯૯૨-૧૯ |
| | CWIP | | | | | | | | | |
| ૧૦. | પેકીંગ પ્લાન્ટ | ૩૪૮૭૬૨૫૨૩-૫૫ | ૧૭૦૧૨૧૮૯-૨૫ | ૩૬૫૭૭૪૭૧૨-૮૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧. | CWIP-Others | ૨૭૩૩૭૬૮૨-૦૦ | ૦ | ૨૭૩૩૭૬૮૨-૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨. | CWIP-P&M | ૪૯૪૧૩૩૭-૫૦ | ૬૭૮૯૭૫૦-૦૦ | ૧૧૭૩૧૦૮૭-૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ સરવાળો (b) | ૩૫૬૪૪૧૫૪૩-૦૫ | ૨૩૮૦૧૯૩૯-૨૫ | ૩૮૦૨૪૩૪૮૨-૩૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ સરવાળો (a+b) | ૬૦૩૧૧૩૬૨૬-૨૪ | ૭૦૪૨૩૨૭૯૩-૭૯ | ૭૨૯૮૬૫૭૬૧-૧૭ | ૫૭૭૪૮૦૬૫૮-૮૬ | ૧૩૦૨૮૮૨૫૫-૩૨ | ૪૦૭૪૫૦૩૪-૯૮ | ૫૩૯૩૬૨૩-૬૩ | ૧૬૫૬૩૯૬૬૬-૬૭ | ૪૧૧૮૪૦૯૯૨-૧૯ |

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

### તા. ૩૧–૩–૨૦૧૮ ના રોજ ફંડની વિગત

| અ.નં. | ફંડનું નામ | તા. ૦૧–૦૪–૨૦૧૭ ના રોજની કુલ રકમ રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયામાં | તા. ૩૧–૦૩–૨૦૧૮ ના રોજની કુલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૩૯૮૧૯૪૮૭.૮૧ | ૬૧૭૯૨૭૪.૦૩ | ૧૪૨૨૨૩૮.૨૨ | ૪૪૫૭૬૫૨૩.૬૨ |
| ૨ | જનરલ રીઝર્વ ફંડ | ૧૫૩૦૫૦૫૧.૩૮ | ૧૫૯૬૨૯૧૯.૩૭ | – | ૩૧૨૬૭૯૭૦.૭૫ |
| ૩ | સંશોધન અને વિકાસ ફંડ | ૮૬૮૯૧૩.૮૭ | ૧૭૦૯૩૫.૩૨ | – | ૧૦૩૯૮૪૯.૧૯ |
| ૪ | સહકાર પ્રચાર ફંડ | ૮૫૧૮૯૮.૪૭ | ૧૭૦૯૩૫.૩૨ | – | ૧૦૨૨૮૩૩.૭૯ |
| ૫ | ધર્માદા ફંડ | ૮૬૮૪૧૫.૪૮ | ૧૭૦૯૩૫.૩૨ | – | ૧૦૩૯૩૫૦.૮૦ |
| ૬ | શકમંદ રીઝર્વ ફંડ | ૧૩૦૫૨૫૬૪.૩૩ | – | ૧૩૦૫૨૫૬૪.૩૩ | – |
| ૭ | સુરસાગર એકસ.ફંડ | ૨૪૪૯૮૭૫૬૫.૦૦ | – | ૨૪૪૯૮૭૫૬૫.૦૦ | – |
| ૮ | વિકાસ ફંડ | ૫૯૫૧૮૩૫.૪૧ | ૨૦૬૧૦૨૦.૦૦ | ૪૮૬૩૦૦.૦૦ | ૭૫૨૬૫૫૫.૪૧ |
| ૯ | શિક્ષણ ફંડ | ૩૦૦૦૦૦.૦૦ | ૩૦૦૦૦૦.૦૦ | ૬૦૦૦૦૦.૦૦ | – |
| | કુલ ... | ૩૨૨૦૦૫૭૩૧.૭૫ | ૨૫૦૧૬૦૧૯.૩૬ | ૨૬૦૫૪૮૬૬૭.૫૫ | ૮૬૪૭૩૦૮૩.૫૬ |



### :: રોકાણો ::

૧. શ્રી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ
શેરમાં રોકાણ ૮૬૮૫૬૦૦૦.૦૦

૨. શ્રી સુરેન્દ્રનગર ડી. કો-ઓપરેટીવ બેંક લિ. સુ.નગર
શેરમાં રોકાણ ૪૨૦૦૦.૦૦

કુલ... ૮૬૮૯૮૦૦૦.૦૦

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.




## રૂપિયો કયાંથી આવ્યો....?

| | (પૈસા) |
|---|---|
| દૂધ વેચાણ | : ૦.૯૮૩૦ |
| અન્ય વેચાણ | : ૦.૦૦૬૪ |
| પરચુરણ આવક | : ૦.૦૧૦૬ |



## રૂપિયો કયાં ગયો....?

| | (પૈસા) |
|---|---|
| દૂધ ખરીદી | : ૦.૯૩૨૭ |
| ટ્રાન્સપોર્ટ ખર્ચ | : ૦.૦૧૭૯ |
| ઈલેકટ્રીક અને ફયુલ ખર્ચ | : ૦.૦૦૩૩ |
| પ્રોસેસીગ અને રીપેરીગ ખર્ચ | : ૦.૦૦૯૫ |
| પગાર–ભથ્થા | : ૦.૦૦૭૭ |
| ઘસારો | : ૦.૦૦૩૨ |
| અન્ય ખર્ચ | : ૦.૦૨૨૭ |
| ચોખ્ખો નફો | : ૦.૦૦૩૦ |





# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ-૩૬૩ ૦૩૫.

મંડળી સભાસદ : ૭૩૭

## પ્રગતિ દર્શક માહિતી

વ્યકિત સભાસદ : ૦૩

| વર્ષ | ભરપાઈ થયેલ શેર ભંડોળ રૂા. | અન્ય ભંડોળ રૂપિયા | ચાલુ દૂધ મંડળીઓ | દૂધ ખરીદી કિલોમાં | દૂધ ખરીદી રૂપિયામાં | નફો રૂપિયા | નુકશાન રૂપિયા | દૂધની સરેરાશ દૈનિક આવક | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૮૯,૧૨,૭૦૦ | ૪૩,૪૭,૦૫૭ | ૩૭૭ | ૨,૭૨,૯૧,૭૭૭ | ૩૨,૨૯,૯૬,૮૬૮ | ૧૨,૩૯,૨૫૩ | - - - | ૭૪,૭૭૨ | બ |
| ૨૦૦૬-૦૭ | ૮૯,૧૪,૪૦૦ | ૫૧,૬૫,૯૯૯ | ૪૮૭ | ૪,૩૦,૫૪,૮૨૮ | ૬૫,૩૫,૩૭,૩૧૪ | ૩૧,૮૧,૬૫૮ | - - - | ૧,૧૭,૯૫૮ | અ |
| ૨૦૦૭-૦૮ | ૧,૦૬,૯૯,૮૦૦ | ૬૯,૩૮,૬૮૨ | ૫૬૧ | ૭,૩૦,૧૭,૦૩૦ | ૧,૩૩,૯૮,૭૧,૨૭૭ | ૪૯,૨૪,૮૬૪ | - - - | ૧,૯૯,૫૦૦ | અ |
| ૨૦૦૮-૦૯ | ૩,૬૩,૧૫,૮૦૦ | ૧,૦૨,૩૯,૯૪૭ | ૬૨૦ | ૯,૩૦,૪૧,૦૦૮ | ૧,૭૭,૯૧,૧૬,૫૫૯ | ૯૫,૧૪,૮૪૧ | - - - | ૨,૫૪,૯૦૯ | અ |
| ૨૦૦૯-૧૦ | ૩,૬૧,૯૬,૬૦૦ | ૧,૫૪,૨૦,૬૦૮ | ૬૫૧ | ૯,૮૩,૮૬,૪૦૩ | ૨,૦૭,૯૭,૫૦,૨૫૫ | ૭૯,૪૨,૧૮૪ | - - - | ૨,૬૯,૫૫૨ | અ |
| ૨૦૧૦-૧૧ | ૪,૪૩,૪૩,૬૦૦ | ૨,૦૦,૮૮,૪૫૦ | ૬૬૩ | ૧૦,૫૭,૬૨,૫૭૭ | ૨,૭૪,૩૨,૪૩,૭૯૮ | ૧,૨૩,૩૫,૫૮૦ | - - - | ૨,૮૯,૭૫૫ | અ |
| ૨૦૧૧-૧૨ | ૫,૪૯,૨૯,૦૦૦ | ૨,૯૭,૭૦,૭૮૯ | ૬૬૬ | ૧૧,૨૬,૭૯,૭૪૮ | ૩,૬૨,૧૭,૪૪,૦૦૦ | ૧,૧૧,૪૨,૩૩૬ | - - - | ૩,૦૭,૮૬૮ | અ |
| ૨૦૧૨-૧૩ | ૫,૪૯,૧૨,૧૦૦ | ૭,૭૧,૩૭,૨૦૭ | ૬૯૮ | ૧૨,૭૧,૯૯,૭૫૭ | ૩,૯૨,૭૧,૩૫,૩૮૮ | ૧,૨૪,૬૧,૯૪૮ | - - - | ૩,૪૮,૪૯૨ | અ |
| ૨૦૧૩-૧૪ | ૫,૪૮,૧૦,૧૦૦ | ૨૮,૮૯,૪૯,૫૩૮ | ૬૯૫ | ૧૪,૪૮,૬૬,૩૦૩ | ૪,૭૬,૪૬,૮૩,૪૪૪ | ૧,૧૮,૨૯,૫૮૩ | - - - | ૩,૯૬,૮૯૪ | અ |
| ૨૦૧૪-૧૫ | ૫,૪૭,૯૦,૮૦૦ | ૨૯,૪૯,૪૮,૯૦૦ | ૭૨૪ | ૧૮,૩૦,૯૨,૬૦૯ | ૬,૮૨,૧૮,૪૭,૩૬૩ | ૨,૧૭,૯૧,૦૬૯ | - - - | ૫,૦૧,૬૨૪ | અ |
| ૨૦૧૫-૧૬ | ૯,૮૫,૧૩,૮૦૦ | ૩૦,૮૯,૧૩,૯૯૧ | ૭૪૪ | ૧૮,૮૯,૭૧,૩૪૨ | ૭,૦૨,૭૬,૩૫,૫૫૨ | ૨,૨૮,૫૩,૪૯૫ | - - - | ૫,૧૬,૩૧૫ | અ |
| ૨૦૧૬-૧૭ | ૯,૮૫,૦૮,૮૦૦ | ૩૨,૨૦,૦૫,૭૩૨ | ૭૭૮ | ૧૯,૩૮,૮૩,૨૭૮ | ૭,૭૬,૯૬,૫૮,૯૫૨ | ૨,૪૬,૫૮,૩૨૦ | - - - | ૫,૩૧,૧૮૭ | અ |
| ૨૦૧૭-૧૮ | ૯,૮૪,૧૨,૧૦૦ | ૮,૬૪,૭૩,૦૮૪ | ૭૮૮ | ૨૦,૬૧,૪૧,૩૧૦ | ૮,૪૧,૧૭,૯૯,૭૯૪ | ૨,૬૭,૯૮,૩૫૫ | - - - | ૫,૬૪,૭૭૩ | |

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ–૩૬૩ ૦૩૫.

## વિકાસ ગાથા

| અ.નં. | વિગત | યુનિટ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૧–૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દૂધ સહકારી મંડળી | સંખ્યા | ૭૮૮ | ૭૭૮ | ૭૪૪ | ૭૨૪ | ૭૧૧ | ૭૧૨ | ૬૬૬ |
| ૨. | દૈનિક સરેરાશ દૂધ સંપાદન કિલો | લાખમાં | ૫.૬૫ | ૫.૩૧ | ૫.૧૬ | ૫.૦૨ | ૩.૯૭ | ૩.૪૮ | ૩.૦૭ |
| ૩. | પ્રતિદિન મહત્તમ દૂધ સંપાદન કિલો | લાખમાં | ૭.૨૪ | ૬.૮૭ | ૬.૭૯ | ૬.૪૬ | ૫.૦૯ | ૪.૭૪ | ૪.૧૫ |
| ૪. | દૂધ ખરીદ ભાવ | પ્રતિ કિલો ફેટના | ૬૭૫ | ૬૫૨ | ૬૦૬ | ૬૦૪ | ૫૪૧ | ૪૮૧ | ૪૬૭ |
| ૫. | દૂધ ખરીદ ભાવ | પ્રતિ કિલો ગ્રામ | ૪૨.૪૬ | ૪૧.૦૨ | ૩૮.૫૦ | ૩૭.૭૫ | ૩૪.૯૫ | ૩૧.૫૫ | ૨૯.૭૨ |
| ૬. | રાખેલ દૂધ ભાવ | રૂા. કરોડમાં | ૮૦.૦૧ | ૭૦.૧૧ | ૬૩.૦૫ | ૫૭.૮૯ | ૪૧.૫૧ | ૨૮.૦૫ | ૨૫.૫૨ |
| ૭. | મહિલા દૂધ મંડળી | સંખ્યા | ૧૮૪ | ૧૮૨ | ૧૭૧ | ૧૬૩ | ૧૫૧ | ૧૪૩ | ૧૨૨ |
| ૮. | નફો | રૂા. લાખમાં | ૨૬૮.૦૦ | ૨૪૭.૦૦ | ૨૨૯.૦૦ | ૨૧૮.૦૦ | ૧૧૮.૦૦ | ૧૨૪.૦૦ | ૧૧૧.૪૨ |
| ૯. | વાર્ષિક ટર્નઓવર | રૂા. કરોડમાં | ૮૯૨ | ૮૧૯ | ૭૨૭ | ૭૦૨ | ૫૦૨ | ૪૧૭ | ૩૭૯ |
| ૧૦. | ઓડીટ વર્ગ | | | અ | અ | અ | અ | અ | અ |
| ૧૧. | જુથ વિમા યોજના - જોડાયેલ મંડળીઓ | સંખ્યામાં | ૫૩૦ | ૫૨૮ | ૫૨૭ | ૫૨૩ | ૪૦૫ | ૩૬૬ | ૩૮૮ |
| ૧૨. | જુથ વિમા યોજના - જોડાયેલ પશુપાલકો | સંખ્યામાં | ૩૬૩૧૩ | ૩૫૭૨૧ | ૩૫૬૧૯ | ૩૫૦૮૫ | ૨૯૭૮૫ | ૨૯૦૪૨ | ૨૮૬૯૫ |
| ૧૩. | વિમા કલેઈમની રકમ | રૂા. લાખમાં | ૩૦.૪૫ | ૨૨.૨૦ | ૨૧.૬૦ | ૧૮.૨૨ | ૪.૧૦ | ૩૦.૯૫ | ૧૪.૨૫ |
| ૧૪. | વિદ્યાર્થી | સંખ્યા | – | ૩૬૯૫ | ૩૭૫૪ | ૩૭૩૧ | ૩૭૪૮ | ૩૭૧૧ | ૩૨૮૧ |
| ૧૫. | શિષ્યવૃતિ રકમ | રૂા. લાખમાં | – | ૪૪.૩૪ | ૪૫.૦૪ | ૪૪.૭૭ | ૪૪.૯૮ | ૪૪.૫૫ | ૩૯.૩૭ |
| ૧૬. | પશુ સારવાર કેમ્પ | સંખ્યા | – | ૧૦૬ | ૭૯ | – | ૧૧૬ | ૮૨ | ૧૨ |
| ૧૭. | સારવાર કરેલ પશુઓ | સંખ્યા | ૧૮૨૭૩ | ૨૧૨૫૦ | ૧૨૨૯૪ | ૫૭૪૭ | ૨૨૦૮ | ૧૨૫૧ | ૨૨૨ |
| ૧૮. | રસીકરણ કરેલ પશુઓ | સંખ્યામાં | ૧૪૧૮૪૩ | ૬૪૭૩૦ | ૬૬૯૦૦ | ૫૦૪૧૬ | ૩૮૪૪૫ | ૨૮૦૮૬ | ૨૧૩૯૦ |
| ૧૯. | કૃત્રિમ બિજદાન કેન્દ્ર | સંખ્યા | ૮૩ | ૮૩ | ૭૯ | ૨૭ | ૨૯ | ૨૯ | |
| ૨૦. | કૃત્રિમ બિજદાન કરેલ પશુઓ | સંખ્યા | ૧૨૩૨૮ | ૧૦૬૧૩ | ૭૮૫૩ | ૪૯૩૭ | ૩૮૫૪ | ૧૧૮૭ | |



દૂધ દિવસ ઉજવણી અને સુરસાગર ભવન ઉદ્ઘાટન કાર્યક્રમમાં પશુપાલકોને સંબોધતા સુરસાગર ડેરીના ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ



સુરસાગર ભવનનું ડીઝીટલ ઉદ્ઘાટન કરતા મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાહેબ








:: એડ્રેસ ::
૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ–૨, આંબાવાડી, વઢવાણ–૩૬૩ ૦૩૫. જી. સુરેન્દ્રનગર (ગુજરાત)
ફોન : (૦૨૭૫૨) ૨૪૩૮૬૩ ફેક્સ : ૨૪૩૭૬૫ E-MAIL : admhead@sursagardairy.coop
Website : www.sursagardairy.com